ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

**ભારતનો ઈતિહાસ**

**(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી ૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)**

**(મુખ્ય વિષય)**

વિભાગ

# 2

# મૂડીવાદ અને સામ્રાજ્યવાદ
# (Capitalism and Imperialism)

**એકમ : 6**

**યુરોપમાં વેપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદ**

**(Mercantile to Industrial capitalism in Eurore)** 7

**એકમ : 7**

**યુરોપીય વસાહતી સત્તાઓ** 23

**આ બ્લૉક માટેનાં ઉપયોગી પુસ્તકો** 36

## Expert Committee

Prof. K. N. Panikkar (Chairman)
Prof. B. D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi
Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad
Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay
Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University
Calcutta
Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi
Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad
Dr. Kapil Kumar (Convenor)
Dr. A. R. Khan
IGNOU, New Delhi

## Course Team

Mr. Salil Misra
Mrs. Indira Sharma
Mr. Ajay Mahurkar } Course
Mr. Swaraj Basu } Co-ordinator

## Block Preparation Team

| Unit No. | Contribution | Faculty Members IGNOU |
|---|---|---|
| 6 and 7 | Mr. Sanjay Sharma<br>Dept. of History<br>Zakir Hussain College<br>Delhi<br>**Course Editor**<br>Prof. S. Bhattacharya<br>Centre for Historical Studies<br>Jawaharlal Nehru University<br>New Delhi | Mr. Swaraj Basu |

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

*@ Indira Gandhi National Open University, 1989*

આ પુસ્તિકામાંની મૂળ પ્રત ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| ડૉ. આર. કે. ધારૈયા | 21, પ્રશાંત પાર્ક સોસાયટી,<br>ભઠ્ઠા, પાલડી,<br>અમદાવાદ-380007. |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. કે. સી. બારોટ | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કોલેજ,<br>અમદાવાદ-380 009. |
| ડૉ. એમ. એમ. પઢિયાર | પ્રાધ્યાપક,<br>એલ. ડી. આર્ટ્સ કોલેજ,<br>અમદાવાદ-380 009. |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | રીડર<br>ભાષા સાહિત્ય ભવન,<br>ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ-380 009. |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. પી. કે. મહેતા | નિયામક,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380003 |

## સંયોજન સહાય :

| | |
|---|---|
| શ્રી એસ. એચ. બારોટ | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ-380003 |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481


© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ : 2 મૂડીવાદ અને સામ્રાજ્યવાદ (Capitalism and Imperialism)

આ બ્લોકના બે એકમો 6 તથા 7માં યુરોપમાં મૂડીવાદ તથા આધુનિક સામ્રાજ્યના ઉદયના સંજોગોની ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચા એટલા માટે જરૂરી છે કે હિન્દમાં બ્રિટિશ સામ્રાજ્યનું સ્વરૂપ જાણવા માટે વિશ્વની મૂડીવાદી પદ્ધતિની સમજણ આવશ્યક છે. યુરોપના સામાજિક-આર્થિક માળખામાં આ પદ્ધતિનાં ઊંડાં મૂળ રહેલાં છે. એકમ 6માં આ મુદ્દાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ એકમમાં યુરોપમાં પ્રથમ વેપારી મૂડીવાદના ઉદ્ભવ અને ત્યાર બાદ ઔદ્યોગિક મૂડીવાદના ઊગમની સમીક્ષા કરવામાં આવી છે. પરિવર્તન પામતા યુરોપે વિશ્વ પર કેવી અસર કરી તેનું પણ આ એકમમાં વિવરણ કરવામાં આવ્યું છે.

યુરોપમાં ઔદ્યોગિક મૂડીવાદના વિકાસનો અભ્યાસ આપણા માટે વધારે અગત્યનો હોવા છતાં એ આર્થિક રીતે વિકસિત પશ્ચિમના યુરોપીય દેશોએ ભારત આવી વેપાર કરવા સ્થાપેલી ઇસ્ટ ઇન્ડિયા કંપનીઓ અને તેમનાં વેપારી મૂડીવાદી સાહસો (તેમણે સ્થાપેલાં વેપારી સંસ્થાનો)ની જાણકારી આવશ્યક છે. પ્રથમ ફિરંગી, પછી અનુક્રમે વલંદા, અંગ્રેજ તથા ફ્રેન્ચ કંપનીઓએ ભારતમાં સ્થાપેલાં વેપારી મથકો, તેમની વચ્ચેની હરીફાઈઓ અને છેવટે આ સ્પર્ધાઓ તેમજ સંઘર્ષોને પરિણામે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ અન્ય યુરોપીય કંપનીઓનો પરાભવ કરીને પ્રથમ ભારતમાં વેપારી સર્વોપરિતા અને બાદમાં રાજકીય સર્વોપરિતા કઈ રીતે સ્થાપિત કરી તેનું પૃથક્કરણ એકમ 5માં કરવામાં આવ્યું છે. આમ, આ બન્ને એકમો બ્રિટને ભારતમાં સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદના કરેલી સ્થાપનાની પૂર્વભૂમિકા પૂરી પાડે છે.

# એકમ : 6 યુરોપમાં વેપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદ (Mercantile to Industrial capitalism in Eurore)

**રૂપરેખા**


6.0 હેતુઓ અને પ્રસ્તાવના
6.1 સામંતશાહી યુરોપ
6.2 નવા વિચારો; પુનરુત્થાન અને ધર્મસુધારણા
6.3 ભૌગોલિક શોધખોળો અને દરિયાપારનાં સંસ્થાનો
6.4 16મી સદીનું ઈંગ્લેન્ડ : પરિવર્તનની પ્રક્રિયા
6.5 વેપારી મૂડીના યુગ દરમિયાન ઉત્પાદન
6.6 વેપારી સંગઠન અને તેની પદ્ધતિઓ
6.7 વેપારી વ્યવસ્થા
6.8 કિંમતમાં વધારો અને કટોકટી
6.9 ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિકીકરણનો પ્રારંભ
6.10 ઔદ્યોગિક ક્રાન્તિ
6.11 ઔદ્યોગિક મૂડીવ્યવસ્થાની પરિપક્વતા
6.12 સારસંક્ષેપ
6.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
6.14 ચાવીરૂપ શબ્દો


## 6.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમમાં 15મી સદીથી મધ્ય 19મી સદી સુધીની યુરોપની અર્થ અને સમાજવ્યવસ્થાનાં મુખ્ય લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અધ્યયન બાદ નીચેની બાબતોની સમજણ મળશે :

(1) યુરોપમાં સામંતશાહીને નિર્બળ બનાવનાર પરિબળો
(2) ભૌગોલિક શોધખોળો, દરિયાપારનાં સંસ્થાનો તથા યુરોપની અર્થવ્યવસ્થા પર તેની અસરો
(3) વેપારી યુગ, બજારોમાં વૃદ્ધિ, નાણાંનું અર્થશાસ્ત્ર મૂડીનો સંગ્રહ અને વેપારી વિચારોનો પ્રભાવ
(4) વિજ્ઞાન તથા યાંત્રિક ઉદ્યોગોના વિકાસ સાથે ખેતી, ઉદ્યોગ અને વેપારની પદ્ધતિઓમાં પરિવર્તન
(5) યુરોપીય દેશોનો સ્પર્ધાત્મક વિકાસ, બ્રિટનનો એક અગ્રગણ્ય સાંસ્થાનિક સત્તા તરીકે ઉદય
(6) બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાન્તિ, તે માટેનાં જવાબદાર પરિબળો, તેનું સ્વરૂપ અને અસર
(7) મૂડીવાદનો ઉદય અને તેમાં સંસ્થાનોની ભૂમિકા

બલોક 1માં 18મી સદીના ભારતની રાજકીય સ્થિતિનું વિવરણ કરવામાં આવ્યું છે. આ સમયે ભારતમાં પરસ્પર લડતાં અનેક રાજ્યો હતાં. આ સ્થિતિમાં ભારતના ઉપખંડ પર વિવિધ યુરોપીય વસાહતી સત્તાઓએ પોતાનું વર્ચસ્વ સ્થાપવા કરેલી સ્પર્ધાઓ એ આ સમયનું એક અગત્યનું સિમાચિહ્ન હતું. યુરોપીય દેશો ભારતમાં પોતાનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપવા માટે ઉગ્ર સંઘર્ષમય સ્પર્ધામાં શા માટે ઊતર્યા ? આનો પ્રત્યુત્તર યુરોપની 15મી થી 19મી સદીની મધ્ય ભાગ સુધીના સામાજિક - આર્થિક વિકાસના સંદર્ભમાં આપી શકાય તેમ છે.

આ એકમમાં યુરોપમાં સામંતશાહીનાં પતન તથા ભૌગોલિક શોધખોળો, દરિયાપારના વેપાર તેમજ સંસ્થાનવાદને ઉત્તેજન આપતા નવા વિચારોના ઉદ્ભવનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ એકમમાં યુરોપમાં થયેલી વેપારી ક્રાન્તિ અને 17-18મી સદીમાં સ્થપાયેલ વેપારી - વિચારસરણીના વર્ચસ્વની સમજણ આપવામાં આવી છે. આ પછી આ એકમમાં બ્રિટનના સર્વોપરી વસાહતી સત્તા તરીકેના ઉદય, ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાન્તિ તથા યુરોપનું વેપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદમાં થયેલ પરિવર્તન વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે.

## 6.1 સામંતશાહી યુરોપ (Feudal Europe)

યુરોપમાં મધ્ય યુગના અંત સાથે સામંતશાહી સમાજ કટોકટીમાં મુકાયો. યુરોપમાં સામંતશાહી આશરે એક હજાર વર્ષથી અસ્તિત્વમાં હતી. પાંચમી સદીમાં શક્તિશાળી રોમન સામ્રાજયના પતન પછી અનેક વચેટિયાઓએ રાજાઓ તથા રાજ્યોની કેન્દ્રીય સત્તાને વેરવિખેર કરતા રાજકીય, સામાજિક અને આર્થિક સત્તાઓનું ઝડપથી વિકેન્દ્રીકરણ થયું. પછીના ઓગણીસમી સદીઓમાં ઊંચ-નીચના સ્તરવાળી તથા એકબીજા પર આધાર રાખતી સામંતશાહી પદ્ધતિ વિકાસ પામી. આર્થિક અને સામાજિક વ્યવસ્થા ખેતી

કે ભૂમિ પર આધારિત બની તથા વેપારથી ભૂમિકા ગૌણ બની. ઊંચનીચના સ્તરવાળી સામાજિક વ્યવસ્થામાં તળિયે ખેડૂતો કે ખેતમજૂરોની મોટી સંખ્યા હતી, જેઓને પોતાના માલિકોની ખેતી કે ખેતમજૂરી કરવી પડતી હતી. સામંતશાહીમાં આ માલિકો પર પણ સર્વોચ્ચ માલિકો હતા.

આ રીતે સમસ્ત સામંતશાહી સમાજ પરસ્પરના આધારના બંધન પર રચાયેલો હતો. શક્તિશાળીને સેવકો તરીકે નિર્બળોની જરૂર હતી અને નિર્બળોને આશ્રય માટે શક્તિશાળીઓની આવશ્યકતા હતી. આમ, વફાદારી અને આશ્રય એ આ બન્ને વર્ગો વચ્ચેના સંબંધ માટે કડીરૂપ તત્ત્વો હતા.

સામંતશાહી યુગના જમીનદારો, સામંતો, ઉમરાવો તથા રાજાઓના જીવનના સ્ત્રી સન્માન અને સ્વમાન એ પ્રધાન લક્ષણો હતાં. ધર્મગુરુઓ સહિતનું ખ્રિસ્તી દેવળ ખૂબ જ શક્તિશાળી હતું અને સામંતશાહી સમાજ પર તેનો પ્રબળ પ્રભાવ હતો.

14મી સદીમાં સામંતશાહી સમાજના વિસ્તાર તથા વિકાસની મર્યાદા આવી ગઈ. આ દરમિયાન વિશેષતઃ 12મી સદીથી સામંતશાહી સમાજે યાંત્રિક ઉદ્યોગો, ખેત-ઉત્પાદન, વેપાર-વાણિજ્ય અને લોકસંખ્યામાં નોંધપાત્ર વિકાસ સાધ્યો હતો. પરંતુ આનાથી વિશેષ પ્રગતિ શક્ય ન હતી. સને 1000માં યુરોપની લોકસંખ્યા 3,85,00,000 હતી, જે 14મી સદીના મધ્યમાં વધીને 7,35,00,000ની થઈ હતી. સાધનો તથા યંત્રઉદ્યોગો વધારે વિકસી શક્યાં નહિ અને સતત યુદ્ધો તથા કુદરતી આફતોએ વસ્તી-વધારાને અટકાવી દીધો, યુરોપમાં 1348 અને ત્યાર બાદ ફેલાયેલ મરકીના રોગથી અસંખ્ય માણસો મૃત્યુ પામ્યા. લોકસંખ્યાના મોટા ઘટાડાથી ખેતીલાયક ઘણીખરી જમીન ખેડ્યા વગરની રહી અને ખેત-ઉત્પાદનમાં ભારે ઘટાડો થયો. આ પરિસ્થિતિમાં સામંતોને પોતાની લેણી રકમ તેમજ મહેસૂલ નહિ મળતા તેમની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો અને તેઓએ પોતાના ખેત-મજૂરો પર રકમ વસૂલ કરવા ત્રાસ ગુજારવા માંડ્યો. આ સંજોગોમાં સમસ્ત યુરોપમાં ખેત-મજૂરો-ખેડૂતોએ ઉગ્ર પ્રતિભાવ આપીને બળવા કર્યા (14-15મી સદી). આમાં 1359માં ફ્રેન્ચ જેકેરીનાં તથા 1381માં અંગ્રેજ ખેડૂતોનાં ખંડ ખૂબ જાણીતાં હતાં.

આને પરિણામે પશ્ચિમ યુરોપના દેશો જેવા કે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, હોલૅન્ડ, સ્પેન તથા જર્મની તેમજ સ્કેન્ડિનાવિયાના અમુક પ્રદેશોમાં સામંતશાહી સમાજમાં ઘેરી કટોકટી સર્જાઈ. ખેડૂતો-ખેતમજૂરો પરનો સામંતોનો અંકુશ ઢીલો પડ્યો તથા ખેડૂતો સ્વાયત્ત ખેતી કરનાર તરીકે વર્તવા લાગ્યા, પરંતુ પૂર્વ યુરોપના દેશો જેવા કે પોલૅન્ડ, રુમાનિયા, હંગેરી, રશિયા વગેરેમાં સામંતોએ ખેડૂતો-ખેતમજૂરો પરનો અંકુશ જાળવી રાખ્યો, જેથી 14-15 સદી બાદની કટોકટી પછી પૂર્વયુરોપના દેશોમાં ખેત-મજૂરપ્રથા જળવાઈ રહી, આમ, પશ્ચિમ યુરોપના દેશો કરતાં પૂર્વ યુરોપના દેશોમાં સામંત-ખેતમજૂરોના સંબંધો યથાવત્ ઠીક ઠીક સમય સુધી ચાલુ રહ્યા. આને પરિણામે પૂર્વ યુરોપ પશ્ચિમ યુરોપ કરતાં ઉદ્યોગો, વેપાર તથા શહેરીકરણમાં પાછળ રહ્યું અને તે પછીની ત્રણ-ચાર સદીઓ સુધી પૂર્વ યુરોપના દેશોને ખેત-ઉત્પાદનના બદલામાં પશ્ચિમ યુરોપના દેશો પાસેથી ઔદ્યોગિક ઉત્પાદનની ચીજવસ્તુઓ મેળવવી પડી, એટલે આ એકમમાં પશ્ચિમ યુરોપના દેશોના વિકાસની સમીક્ષા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## 6.2 નવા વિચારો : પુનરુત્થાન અને ધર્મસુધારણા (New Ideas : Renaisance and Reformation)

16મી સદીના પ્રારંભે યુરોપના સામંતશાહી સમાજમાં અનેક પ્રકારનાં પરિવર્તન થયાં. સંસ્કૃતિ તથા વિચારસરણીના ક્ષેત્રે લેખકો, શિલ્પીઓ, ચિત્રકારો તેમજ અન્ય કલાકારો મારફત વ્યક્તિ અને માનવતાનું મૂલ્ય સ્થાપિત કરવામાં આવ્યું. આમાંના ઘણાખરાએ પ્રાચીન ગ્રીસ તથા રોમની ગૌરવશાળી સંસ્કૃતિમાંથી પ્રેરણા મેળવી હતી અને બુદ્ધિજીવી યુરોપીઓ સામંતશાહી યુગની ઊંચનીચના ભેદભાવવાળી તેમજ સામૂહિક આધિપત્ય ધરાવતા તથા વ્યક્તિને તાબેદાર બનાવતી સમાજરચના સામે પડકાર ફેંકવા લાગ્યા હતા. 14મી સદીથી સામંતશાહી પદ્ધતિ નિર્બળ બનતા માનવતાવાદ અને વ્યક્તિ (સ્વાતંત્ર્ય)વાદના નવા વિચારો ઉદ્ભવ્યા, જે પુનરુત્થાનની પ્રવૃત્તિ તરીકે ઓળખાયા. પુનરુત્થાનનો અર્થ પુનર્જન્મ થાય છે. મધ્યયુગના અંત સાથે યુરોપના લોકજીવનમાં જે પરિવર્તનો આવ્યાં તે દર્શાવવા માટે 'પુનરુત્થાન' શબ્દનો પ્રયોગ પ્રચલિત. થયો.

પુનરુત્થાનની વિચારસરણી શરૂઆતમાં ઇટાલીમાં મધ્ય યુગના અંત ભાગમાં ઘણી વિદ્યાપીઠોમાં ઉદ્ભવી. ત્યાર બાદ 16મી સદીમાં તે યુરોપના અન્ય વિસ્તારોમાં સાહિત્ય તેમજ કલાના ક્ષેત્રે ફેલાઈ અને પરિપક્વ બની. 1520થી ખ્રિસ્તી દેવળ પણ માર્ટિન લ્યૂથર તથા જ્હૉન કાલ્વીન જેવા સુધારકોના સતત પ્રહારો હેઠળ આવ્યું. આ સુધારકોએ ખ્રિસ્તી દેવળ તેમજ તેના ધર્મગુરુઓની વિકૃતિઓ, લાંચરુશવતની બદીઓ, ઊણપો વગેરેની સખત ટકા કરી અને જણાવ્યું કે દેવળ ઈશુ ખ્રિસ્તના ઉપદેશો તથા ખ્રિસ્તી સંતોનાં બોધવચનોથી વંચિત થયું હતું. લ્યૂથર તથા કાલ્વીને પોતાનાં અલગ દેવળો સ્થાપ્યાં. તેમને જર્મની, સ્વીટ્ઝર્લૅન્ડ, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, સ્કોટલૅન્ડ, ઉત્તર સ્કેન્ડિનવિયાના દેશો વગેરેમાંથી ટેકેદારો પ્રાપ્ત થયા. ખ્રિસ્તી દેવળ પર પ્રહારો કરતી આ સુધારક ચળવળ ધર્મસુધારણાને નામે જાણીતી બની.

પુનરુત્થાન તથા ધર્મસુધારણાના વિચારો ખાસ કરીને યુરોપમાં નવા ઉદય પામેલા મધ્યમ વર્ગના વેપારીઓ,

શાહુકારો વગેરેમાં વિશેષ લોકપ્રિય થયા. 14 તથા 15મી સદી દરમિયાન સામંતશાહીના કટોકટીના સમયે ખેતીમાંથી મળતો નફો ઓછો થયો હતો, જ્યારે વેપાર-વાણિજ્યમાંથી પ્રાપ્ત થતો નફો વધ્યો હતો, એટલે વેપારીવર્ગનું મહત્ત્વ વધ્યું હતું.

પુનરુત્થાનની જન્મભૂમિ ઇટાલીમાં વેપારીઓ 11-12મી સદીથી યુરોપના અન્ય દેશોને કલા-કારીગરી તથા મોજશોખની વિવિધ વસ્તુઓ પૂરી પાડીને સમૃદ્ધ બન્યા હતા. આ માટે ઇટાલીને ભૂમધ્ય પ્રદેશના પોતાના ભૌગોલિક સ્થાનનો પણ લાભ મળ્યો હતો. કારણ કે તેનાથી તે સમૃદ્ધ તેમજ જમીનમાર્ગે પૂર્વ સાથે સંકળાયેલ હતું. સને 1500ની આસપાસ ઇટાલી તેનાં સ્વાયત વેપારી શહેરો જેવાં કે વેનિસ, જિનોવા, મિલાન, ફ્લોરેન્સ વગેરે તથા નાનાં સ્વતંત્ર રાજ્યોસહિત યુરોપનો સૌથી સમૃદ્ધ દેશ મનાતો હતો.

## 6.3 ભૌગોલિક શોધખોળો અને દરિયાપારનાં સંસ્થાનો (Geographical Explonation and overseas colonisation)

વેપાર પરનો ઇટાલીનો ઇજારો અન્ય યુરોપીય દેશો નાબૂદ કરવા આતુર હતા. 15મી સદીથી આટલાન્ટિક સમુદ્રના કિનારા પરના દેશો આફ્રિકા મારફત પૂર્વનો વૈકલ્પિક માર્ગ શોધવા મથતા હતા. આ પરત્વે થયેલી કેટલીક પ્રગતિથી નવા દરિયાઈ માર્ગો તથા નવા અજાણ્યા દેશોની શોધખોળ શક્ય બની.


(i) 15મી સદીના ઉત્તરાર્ધમાં શક્તિશાળી રાજાઓ સહિત કેન્દ્રીય સત્તા ધરાવતાં રાજ્યોનો ઉદય થતાં ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન મળ્યું. પોર્ટુગલ તથા સ્પેન જેવા કેન્દ્રીય સત્તા ધરાવતાં રાજ્યોએ દરિયાની શોધખોળોને ઉત્તેજન આપ્યું તથા તેમને સહાય આપી અને દરિયાખેડૂઓને પુરસ્કૃત કર્યા.


(ii) દરિયાઈ શોધખોળો કરનાર માટે 15-16મી સદીમાં કમ્પાસ, દૂરબીન, મુદ્રણાલય, બંદૂકનો દારૂ, નકશાઓની રચનાઓ વગેરે યાંત્રિક કલાનાં સાધનો પ્રાપ્ય બન્યાં. આથી દરિયાખેડૂઓને શોધખોળોમાં ઘણી સુગમતા થઈ.

(iii) પૂર્વના દેશોની અઢળક સંપત્તિ, નવા પ્રદેશોમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરવાનો ઉત્સાહ તથા કીર્તિ મેળવવાની મહત્ત્વાકાંક્ષાએ દરિયાખેડૂઓ અને સંશોધકોને શોધખોળો માટે ઉત્તેજિત કર્યા.

ટૂંકમાં, સોનું અને કીર્તિ પ્રાપ્તિ તથા ધર્મપ્રચાર(Gold, Glory and God)ના આશયે યુરોપીય નાવિકોમાં સાહસિકતા પ્રેરી. 1487માં પોર્ટુગીઝ નાવિક બાર્થોલોયો ડાયઝ આટલાન્ટિક મહાસાગર ઓળંગીને આફ્રિકાને છેક દક્ષિણ છેડે પહોંચ્યો અને તેને તેણે કેપ ઑફ ગુડ હોપ (સારી આશા આપતી ભૂશિર)નું નામ આપ્યું. 1498માં વાસ્કો-દા-ગામા ભારતના કાલિકટ બંદરે ઊતર્યો. આ પહેલાં 1492માં ક્રિસ્ટોફર કોલમ્બસે પૂર્વનો જળમાર્ગ શોધવાની આશા સાથે આટલાન્ટિક ઓળંગીને નવા દેશ અમેરિકાની શોધ કરી.

1530ની આસપાસ પોર્ટુગીઝ તથા સ્પેનિશ નાવિકોએ દક્ષિણ અમેરિકાની શોધ કરી. એટલું જ નહિ, પરંતુ તેઓએ ત્યાંનાં ઇન્કા અને અઝટેક રાજ્યોને જીતી લેવાની પણ શરૂઆત કરી.






1. અત્રે વિવિધ પ્રકારના કમ્પાસના

યુરોપનો નવી દુનિયા (ઉત્તર તથા દક્ષિણ અમેરિકા)નાં સંસ્થાનો સાથેનો વેપાર એશિયાઈ દેશોનાં સંસ્થાનો સાથેના વેપાર કરતાં ભિન્ન પ્રકારનો હતો, સ્પેન તથા પોર્ટુગલના સંસ્થાનવાસીઓએ અમેરિકાની દોલત લૂંટી અને તેની સોના તેમજ ચાંદીની ખાણોની કીમતી ધાતુઓ પોતાના દેશોમાં મોકલી આપી. અમેરિકામાંથી ખાંડ, લાકડું, તમાકુ, કપાસ, માછલી વગેરે યુરોપમાં આયાત કરવામાં આવતી, જ્યારે યુરોપમાંથી કાપડ, રાચરચીલું, વિવિધ સાધનો તથા જરૂરિયાતની ચીજો અમેરિકામાં આયાત કરાતી. ગુલામોનો વેપાર પણ ઘણો ધીકતો હતો. અમેરિકામાંનાં શેરડી, તમાકુ તથા કપાસનાં ખેતરો તેમજ સોના અને ચાંદીની ખાણોમાં કામ કરવા મજૂરો મેળવવા આફ્રિકામાંથી ગુલામો સંસ્થાનોમાં આયાત કરવામાં આવતા. પ્રારંભમાં ગુલામો તેમજ મૂળ વતનીઓ પ્રત્યે સંસ્થાનવાસીઓનું વર્તન ઘણું અમાનવીય અને ઘાતકી હતું, એટલે વસ્તીનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. દા.ત., મેક્સિકોની વસ્તી 1519માં 25 લાખની હતી, જે ઘટીને 1600માં 10 લાખની થઈ હતી.

અમેરિકામાં સોનાનો જથ્થો ઘણો હોવાથી ત્યાં પ્રથમ સંસ્થાનો સ્થાપનાર સ્પેનને પુષ્કળ લાભ થયો. 16મી સદીમાં અમેરિકાથી સ્પેન મોકલવામાં આવેલ માલમાં 90 ટકા કીમતી ધાતુઓ હતી. આથી સમ્રાટ ચાર્લ્સ પાચમા અને તેના પુત્ર ફિલીપ બીજાના શાસનતળે સ્પેન યુરોપનો સૌથી સમૃદ્ધ અને શક્તિશાળી દેશ બન્યો, જ્યારે ફિરંગીરો (પોર્ટુગીઝો) એ પૂર્વના દેશો સાથેના તેજાનાના વેપાર પર વર્ચસ્વ સ્થાપ્યું. અમેરિકા અને પૂર્વના દેશો વચ્ચે વધેલા સંપર્કથી 16મી સદીમાં દરિયાઈ વેપારમાં ઘણી વૃદ્ધિ થઈ. આટલાન્ટિક મહાસાગરના કિનાર પરનો વેપાર ઘણો સમૃદ્ધ અને વિસ્તૃત બન્યો. આને પરિણામે દક્ષિણ નેધરલૅન્ડમાં આવેલ એન્ટવર્મનો એક મહત્ત્વના બંદર તરીકે વિકાસ થયો. ઇટાલીના બંદર વેનિસનો તેજાનાનો સમૃદ્ધ વેપાર ફિરંગીઓ મારફત એન્ટવર્મ તરફ વળ્યો. જર્મન વેપારીઓએ ધાતુઓએ લગતો પોતાનો વેપાર તથા અંગ્રેજ વેપારીઓએ કાપડને લગતો પોતાનો વેપાર વેનિસને બદલે એન્ટવર્પ તરફ વાળ્યો. આથી ઇટાલીનો વેપારી ઇજારો 16મી સદીમાં નિર્બળ બન્યો.

દરમિયાનમાં ઉત્તર નેધરલૅન્ડે મહત્ત્વના ઉત્પાદક તથા વેપારી કેન્દ્ર તરીકે વિકાસ સાધ્યો હતો તથા તેના લોકો - વલંદા (ડચ) દરિયાઈ સફરો માટે તેમજ વહાણવટાના ધંધામાં નિષ્ણાત તરીકે જાણીતા બન્યા હતા. 1550થી તેઓએ બાલ્ટિક સમુદ્રના પ્રદેશમાં અનાજના વેપાર પર પોતાનો અંકુશ સ્થાપિત કર્યો હતો. વલંદાઓએ 16મી સદીમાં પોતાની ખેતી તેમજ ઉદ્યોગ-પદ્ધતિમાં મહત્ત્વના સુધારા કર્યા. અછતવાળી જમીનમાં ઉમેરો કરવા માટે તેઓએ ભેજવાળી અને દરિયાઈ જમીન પ્રાપ્ત કરવા માટેની પદ્ધતિઓ અમલમાં મૂકી. ડેરીઉદ્યોગનો ઝડપી વિકાસ કરવામાં આવ્યો તથા પવનચક્કીનો પણ બહોળો ઉપયોગ કરવામાં આવ્યો. વલંદાઓએ હળવા વજનનાં વેપારી વહાણો બનાવ્યાં, તેઓનાં લશ્કરી વહાણો પર મર્યાદિત પ્રમાણમાં ખલાસીઓ રાખ્યા તથા તેઓને સસ્તા પ્રકારના દારૂ અને કાપડની નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સ્પેને 1585માં એન્ટવર્પ જીતી લીધા બાદ ઉત્તર નેધરલૅન્ડમાં એમ્સ્ટર્ડમ ઉત્તર-પશ્ચિમ એન્ટલાન્ટિક મહાસાગરના કિનારે મહત્ત્વના વેપારી બંદર તરીકે ઉદય પામ્યું.



## 6.4 16મી સદીનું ઇંગ્લૅન્ડ : પરિવર્તનની પ્રક્રિયા (16th Century England Wheels of Change)

આમ છતાં, સ્પેન, પોર્ટુગલ, ઇટાલી તથા નેધરલૅન્ડથી વસાહતોમાં આગળ નીકળી જનાર દેશ ઇંગ્લૅન્ડ હતો. જોકે સ્પેનને સોના-ચાંદીની જે રીતની સીધી પ્રાપ્તિ થઈ હતી, તેવી તેની કોઈ સીધી પ્રાપ્તિ ઇંગ્લૅન્ડને થઈ ન હતી. વળી, ફિરંગીઓ (પોર્ટુગીઝ)ને શરૂઆતમાં તેજાનાના વેપારની જેવી સીધી સગવડ મળી હતી, તેવી તેના વેપારની સીધી સગવડ પણ ઇંગ્લૅન્ડને મળી ન હતી. પરંતુ ઇંગ્લૅન્ડ 16મી સદીના અંતે દરિયાઈ સત્તા તરીકે શક્તિશાળી બન્યું હતું અને તે વખતની પ્રબળ દરિયાઈ સત્તા સ્પેનને તેણે 1588ના નૌકાયુદ્ધમાં પરાજય આપ્યો હતો. 15મી સદીના અંતમાં ઇંગ્લૅન્ડમાં સામંતશાહી વ્યવસ્થા તૂટી અને પ્રબળ રાજાશાહી સર્વોપરી બની. પરિણામે દેશમાં એકતા સ્થપાઈ. સ્પેન સામેના નૌકાયુદ્ધ (1588)માં ઇંગ્લૅન્ડના વિજયનું આ મુખ્ય કારણ હતું. અન્ય કારણમાં આ સમયથી ઇંગ્લૅન્ડમાં ખેતરો ફરતી પાકી વાડ બાંધવાની પ્રક્રિયા અમલમાં મુકાઈ. ખેડૂતોના અવારનવારના બળવાથી અંગ્રેજ જમીનદારોને ખેતીમાં ખોટ જતી હતી એટલે તેઓએ પોતાનાં ખેતરો ફરતી વાડ બનાવી અને તેમને ચરાવભૂમિમાં પરિવર્તિત કર્યાં. આનાથી ખેતીક્ષેત્રે મહત્ત્વનાં પરિણામો આવ્યાં.

અંગ્રેજ જમીનદારોએ વેપારી ધોરણે ઘેટાં-ઉછેર માટે આ ચરાવ ખેતરોનો ઉપયોગ કર્યો. આમાંથી મળતાં માંસ તથા ઊનના વેપારથી જમીનદારો આર્થિક કટોકટીમાંથી ઊગરી ગયા, એટલું જ નહિ, પરંતુ તેમને સારો એવો નફો પણ મળ્યો. આના અનુસંધાનમાં 16મી સદીના પ્રારંભના વિખ્યાત લેખક સર થોમસ મૂરે પોતાના પ્રસિદ્ધ પુસ્તક ''યુરોપિયા''માં નોંધ કરી કે ''ઘેટાંઓ માણસોને ખાતાં હતાં''.

16મી સદીમાં ફરી વસ્તી-વધારો થતાં ઘેટાં તથા ઢોરઉછેરની સાથે ખેતીવાડીનો પણ વિકાસ થયો. ખેતરોને ચરાવક્ષેત્રોમાં પરિવર્તિત કરીને તેમની ફરતી વાડ બનાવવાની ચળવળનું બીજું આખરી પરિણામ એ આવ્યું કે જમીનદારોની જમીન પર પરંપરાગત ભોગવટા હક ભોગવતા ખેડૂતોની હકાલપટ્ટી કરવામાં આવી. આમ, ખેડૂતોની જમીન ખૂંચવાઈ જતાં તેઓને ખેતમજૂરો થવાની અથવા તો રોજીની શોધમાં શહેરી કે બંદરી વિસ્તાર તરફ સ્થળાંતર કરવાની ફરજ પડી. 16 તથા 17મી સદીમાં સુધારક અંગ્રેજ જમીનદારો તરીકે વિખ્યાત થયેલ વર્ગના પ્રયત્નોથી ઇંગ્લૅન્ડની ખેતી ખૂબ જ સબળ બની. જમીનદારોનો આ વર્ગ ચરાવ-ભૂમિ-ચળવળને પરિણામે ઉદય પામ્યો હતો અને તે અનાજ તથા ઊનની વધતી જતી માંગને પહોંચી વળવા પોતાની વેપારી શક્તિ વધારીને જમીનમાં મૂડીનું પુષ્કળ રોકાણ કરતો હતો. ઇંગ્લૅન્ડમાં 1485માં ટ્યૂડર રાજાશાહી સ્થપાતા આ વર્ગને વિશેષ પ્રેરણા તેમજ સગવડતા મળી. બીજા ટ્યૂડર રાજા હેનરી આઠમાએ જ્યારે ઇંગ્લૅન્ડના દેવળની મિલકત જપ્ત કરી (1530) અને તેને વેચવા કાઢી, ત્યારે વેપારી વૃત્તિ ધરાવતા જમીનદારોએ આ મિલકત ખરીદી લીધી અને જમીન પરના પોતાના ઉત્પાદનમાં સારો એવો વધારો કર્યો. વિશેષમાં આ નવા જમીનદારોને જૂના-વૃદ્ધ સામંતો પાસેથી ભાડાપટે જમીન લઈ લીધી અને તેમની ખેતીમાંથી પણ તેમના નફામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ. આ નવા વેપારી વૃત્તિ ધરાવતા જમીનદારો ઇંગ્લૅન્ડમાં સદ્‌ગૃહસ્થો તરીકે ખ્યાતી પામ્યા.

17મી સદીમાં ઇંગ્લૅન્ડના ખેત-સમાજમાં ચાર બહોળા વર્ગો ઉદય પામ્યા.

(1) ભાડાની આવક પર નભતા મોટા ઉમરાવોનો વર્ગ

(2) સદ્‌ગૃહસ્થ જમીનદાર વર્ગ

(3) ભાહુઆત ખેડૂતો

(4) ભૂમિહિન ખેતમજૂરો

આ સમય દરમિયાન અંગ્રેજ વેપારીઓએ કાપડ અને ઊનની નિકાસમાં સારી એવી પ્રગતિ કરી હતી. એન્ટવર્પ બંદર મારફત ઇંગ્લૅન્ડથી જતું કાપડ યુરોપીય બજારમાં વેચાતું હતું, 1520થી ઇંગ્લૅન્ડના આર્થિક વિકાસનો દર સારો એવો ઊંચો ગયો. ટ્યૂડર રાજા હેનરી આઠમાએ સંરક્ષણખર્ચ માટે નાણાં મેળવવા પાઉન્ડનું અવમૂલ્યન કર્યું. આનાથી યુરોપીય બજારમાં ઇંગ્લૅન્ડથી નિકાસ થતો માલ સસ્તા દરે વેચાવા લાગ્યો અને ઇંગ્લૅન્ડના નફાના ધોરણમાં વધારો થયો.

માલના અતિ ભરાવાને લીધે 1550માં યુરોપીય કાપડબજારમાં મંદી આવી, જેણે ઇંગ્લૅન્ડની કાપડ-નિકાસ પર માઠી અસર કરી. આ કટોકટી નિવારવા અંગ્રેજ ઉત્પાદકોએ તેના કાપડ-ઉત્પાદનની નકશીમાં ફેરફાર કર્યા તથા નવાં બજારો તરફ પોતાનો માલ મોકલવો શરૂ કર્યો. અંગ્રેજ ઉત્પાદકોએ સસ્તું તથા ખરબચડું કાપડ વધારે પ્રમાણમાં નિકાસ કરવાનું શરૂ કર્યું, જે યુરોપીય બજારમાં નીચલી કક્ષાના કાપડ તરીકે જાણીતું થયું.

1550 પછી ઇંગ્લૅન્ડમાં કોલસા તથા ધાતુઉદ્યોગનો ઝડપી વિકાસ થયો. ઘરોમાં, ઈંટોના ભઠ્ઠામાં, દારૂ, ખાંડ, કાચ તથા સાબુ બનાવવામાં લાકડાને બદલે કોલસાનો બળતણ તરીકે ઉપયોગ થવા લાગ્યો. વહાણવટા, ઘરવપરાશની ચીજો વગેરેની જરૂરિયાત પૂરી પાડવા કોલસા, લાકડા તથા ધાતુઉદ્યોગના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો. 16મી સદીના ઉત્તરાર્ધમાં ઇંગ્લૅન્ડમાં જુદાજુદા ઉદ્યોગોનું અનુકૂળ જોડાણ થતા આર્થિક સ્થિરતા અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થઈ. રાણી ઇલિઝાબેથ (1558-1603)ના સ્થિર અને સલામત

શાસને લોકસંખ્યામાં થયેલ વધારાએ, ભૌગોલિક શોધખોળોએ તથા ફ્રાન્સ અને દક્ષિણ નેધરલેન્ડમાંથી પ્રોટેસ્ટન્ટ ઇંગ્લેન્ડની આર્થિક સધ્ધરતામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. યુરોપમાં સામંતશાહીના પતનનાં મુખ્ય પરિબળોની 70 શબ્દોમાં ચર્ચા કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

2. પુનરુત્થાન તથા ધર્મસુધારણાની ચળવળોના ઉદયનાં કારણોનું 8 લીટીઓમાં વિવરણ કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

3. ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન આપનાર પરિબળોનું 100 શબ્દોમાં વિશ્લેષણ કરો.

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

4. ઇંગ્લેન્ડે 16મી સદીમાં યુરોપના અન્ય દેશોની તુલનામાં વધારે વિકાસ કઈ રીતે સાધ્યો ?

........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................
........................................................................................

5. નીચેનાં વિધાનોમાં ખરાં સામે ✓ની નિશાની કરો તથા ખોટાંની સામે ✗ની નિશાની કરો :

(i) વફાદારી અને આશ્રય એ સામંતશાહી સમાજનાં લક્ષણો ન હતાં.

(ii) સામંતશાહી સમાજ ચઢતા-ઊતરતા ક્રમના દરજ્જાથી સંકળાયેલ સમાજ હતો.

(iii) સામંતશાહી સમાજમાં ખેડૂતોને ખેતરો પર માલિકીહક હતા.

(iv) પુનરુત્થાન તથા ધર્મસુધારણા યુગમાં માનવતા અને વ્યક્તિવાદ પર ભાર મૂકવામાં આવતો.

(v) પુનરુત્થાન તથા ધર્મસુધારણાની ચળવળે ઉદય પામતા મધ્યમ વર્ગ પર કોઈ અસર કરી નહિ.

(vi) પુનરુત્થાન તથા ધર્મસુધારણાની ચળવળ દરમિયાન લેખકોએ ખ્રિસ્તી દેવળમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડ્યો.

## 6.5 વેપારી મૂડીના યુગ દરમિયાન ઉત્પાદન (Manufacturing in the Age of Merchant Capital)

16-17મી સદી દરમિયાન યુરોપમાં વેપારી ક્રાન્તિ થઈ. આ સમય દરમિયાન થયેલી ભારે દ્રવ્ય તેમજ વેપારી મથકોની વૃદ્ધિ સૂચવવા માટે વેપારી ક્રાન્તિ જેવો શબ્દ પ્રયોજાયો. પુરાણી વિનિમય પદ્ધતિને બદલે સિક્કાનું ચલણ પ્રચલિત થયું. વાહનવ્યવહારનાં સાધનોમાં વધારો તથા સુધારો થયો. 1600ની આસપાસ યુરોપના લગભગ બધાં અગત્યનાં શહેરોને ટપાલસેવાથી સાંકળી લેવામાં આવ્યાં હતાં. વેપારી અને વહીવટી જરૂરિયાતના અનુસંધાનમાં શહેરીકરણ ઝડપી બન્યું તથા લંડન, પેરિસ, એન્ટવર્પ અને એમ્સ્ટર્ડમ મોટા શહેરો તરીકે ઉદય પામ્યાં.

યુરોપનો 16-17મો સૈકો એ વેપારીઓનો યુગ હતો. વેપારી મથકોના વિસ્તરીકરણથી નફાનું ધોરણ વધ્યું હતું. નીચી કિંમતે માલના ઉત્પાદનમાં વધારો થાય તેમ વેપારીઓ ઇચ્છતા હતા, પરંતુ આમાં તેમને કારીગરો તેમજ મજૂરોના સંઘો અવરોધરૂપ થતા હતા. આ સંઘો કારીગરોનાં હિત ખાતર ઉત્પાદિત માલની ગુણવત્તા તથા કિંમત જાળવવા પ્રયત્નશીલ હતા, જેથી કારીગરોની યોગ્ય રોજીનું ધોરણ સચવાઈ રહે. વળી, કારીગરોની મુશ્કેલીના સમયે આ સંઘો કારીગરોને સહાય પણ કરતા. મધ્ય યુગમાં કારીગરો તથા મજૂરોના વિવિધ સંઘો અસ્તિત્વમાં આવ્યા હતા. દા.ત., વણકરો ધાતુકામ કરનારા, સુથારો, ચર્મ-કામ કરનાર વગેરેના સંઘો ખૂબ સક્રિય હતા. વળી, સંઘમાં પણ પેટા સંઘ હતા. દા.ત., વણકરોમાં કાંતનારા તથા રંગાટીકામ કરનાર સંઘ હતો. અમુક કામમાં કુશળતાને લીધે અમુક સંઘનો ઇજારો હતો. ધંધા માટેના તાલીમ અર્થે નિષ્ણાત અનુભવી મારફત આવી કુશળતા પ્રાપ્ત કરી શકતા. આ માટે સંઘની અનુમતી આવશ્યક હતી.

પોતાનો વેપાર વધારવા ઇચ્છતો 16મી સદીનો યુરોપીય વેપારી સંઘ અને કારીગર મારફત રોજી વધારવાની થતી માગણીથી સંઘર્ષમય સ્થિતિમાં જીવતો સંઘ તથા કારીગરોની આવી માગણીને તોડી પાડવા વેપારીઓએ ખેતીમાંની પોતાની કમાણીમાં ઉમેરો કરવા પોતાનાં રહેઠાણે કારીગરનું કામ કરવા ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું. આ માટે તેઓએ ખેડૂતોને આગવી (એડવાન્સ) રકમ આપવાની શરૂઆત કરી. આથી બન્ને પક્ષે અમુક લાભ થયો.

(i) અમુક પ્રકારનો ચોક્કસ ગુણવત્તા ધરાવતો માલ નિશ્ચિત સમયમાં પોતાને પૂરો પાડવાની શરતે વેપારીઓ, ખેડૂત-કારીગરોને આગવી રકમ આપી તથા કાંચો માલ પૂરો પાડ્યો.

(ii) ખેડૂત-કારીગરો પોતાને રહેઠાણે પોતાનાં સાધનો વડે આ રકમ તથા કાચા માલની સહાયથી પાકો માલ તૈયાર કરવા લાગ્યા. તેમાં તેના કુટુંબના સભ્યો પણ જોડાતા એટલે ખેડૂતોને ખેતી ઉપરાંત વધારાની આવક મળી.

(iii) આ પછી ખેડૂત-કારીગરો વેપારીઓને પાકો માલ પૂરો પાડતા, જે વેપારીઓ સારા નફાથી વેચતા, એટલે તેમને પણ સારો આર્થિક લાભ થતો.

આ પદ્ધતિનું ખાસ લક્ષણ એ હતું કે કારીગરો પર વેપારીઓનો સંપૂર્ણ અંકુશ સ્થપાતો ન હતો, કારણ કે કારીગરો પોતાનાં સાધનોથી પોતાને રહેઠાણે કામ કરતા હતા.

વેપારીની દૃષ્ટિએ આ પદ્ધતિનો ગેરલાભ એ હતો કે તેમાં યાંત્રિક કુશળતાના વિકાસની મર્યાદા હતી, બીજી બાજુએ વેપારીને એ લાભ હતો કે સંઘના બંધનથી મુક્ત એવી કારીગર તથા તેના કુટુંબની સસ્તી મજૂરી તેને પ્રાપ્ત થતી હતી. આ તબક્કે વેપારી સીધો ઉત્પાદક ન હતો તેથી તેની આવક વેપારના નફામાંથી મળતી. એટલે 16-17મી સદીમાં આ પદ્ધતિથી મળતી આવક વેપારી મૂડી કહેવાતી, પરંતુ આ પ્રક્રિયાથી માત્ર વેપારીઓ જ મૂડી એકત્રિત કરતા હતા તેવું ન હતું, પરંતુ સંઘથી અલગ થઈ ગયેલા કારીગરોએ સાહસિક વૃત્તિ દાખવીને વધતા જતાં બજારોમાંથી નફો મેળવીને પોતાનો આર્થિક તથા સામાજિક દરજ્જો સુધાર્યો. વર્તમાન સમયમાં ઔદ્યોગિક વિકાસના આ તબક્કાને પૂર્વ-ઔદ્યોગિકીકરણના તબક્કા તરીકે વર્ણવવામાં આવે છે.

એવી દલીલ કરવામાં આવે છે કે ઉપરોક્ત પદ્ધતિથી વેપારી મૂડીમાં વધારો થયો. એટલું જ નહિ, પરંતુ વેપારી તથા કારીગર વચ્ચે નવા સામાજિક તથા આર્થિક સંબંધોનો પણ વિકાસ થયો. જેમાંથી 18મી સદીમાં કારખાના પદ્ધતિ, આધુનિક વિજ્ઞાન તથા યાંત્રિક કૌશલ્યનો ઉદય થયો અને ઔદ્યોગિક ઉત્પાદનનો પ્રારંભ થયો. અન્ય દૃષ્ટિએ વિચારતાં આ પદ્ધતિથી કારીગરો - ખેડૂતોના જીવનમાં પણ કેટલાક ફેરફારો થયા. કામ કરતાં વધારે કુટુંબો મેળવવા લગ્નની વયમર્યાદા ઘટાડવામાં આવી. અમુક કલા-કારીગરીમાં વિશિષ્ટ પ્રકારનું કૌશલ્ય મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આમાંથી પછી યાંત્રિક, ઔદ્યોગિકીકરણનો તબક્કો શરૂ થયો. દા.ત. ફ્રાન્સના ફ્લેન્ડર્સ અને ઇંગ્લેન્ડના ઇસ્ટ ઍંગલિયા ઉદ્યોગપતિઓ તરીકે જાણીતા બન્યા.

## 6.6 વેપારી સંગઠન અને તેની પદ્ધતિઓ (Methods and Organisation of Trade)

યુરોપમાં 16મી સદીથી વેપારની વિવિધતા અને તેના કદમાં પુષ્કળ વધારો થતાં પૈસાની લેવડ-દેવડ તેમજ આંટ પદ્ધતિમાં વિકાસની આવશ્યકતા જણાઈ. વેપારમાં લેવડ-દેવડ તથા અદલા-બદલાને સરળ બનાવવા માટે ડ્રાફ્ટ અને હૂંડી પ્રથાનો બહોળો ઉપયોગ થવા લાગ્યો. જોકે નોટોનું ચલણ પછીથી આવ્યું. આ સમયમાં અમુક રાજ્યોએ એકસરખું-પ્રમાણિત ચલણ વિકસાવવા પ્રયત્ન કર્યો. આને પરિણામે 18મી સદીના અંતે કેટલાંક યુરોપીય રાજ્યોએ એકસરખું-પ્રમાણિત ચલણ અપનાવ્યું.

15મી સદી સુધી વેપારીઓ વ્યક્તિગત રીતે કે કૌટુમ્બિક સાહસ તરીકે વેપાર ખેડતા હતા. મિલાનનું સ્ફોર ઝા કુટુમ્બ, ફ્લોરેન્સનું મેડીસી કુટુમ્બ તથા જર્મનીનું ફુગર્સ કુટુંબ યુરોપના જાણીતાં વેપારી કુટુમ્બો હતાં. વિશેષમાં વેપારી કામકાજ અન્ય વેપારીઓની ભાગીદારીમાં અથવા ઉત્તર યુરોપના વેપારીઓના હેનસીક જેવા સંઘના સાથમાં થતું. પરંતુ ભાગીદારીની એક મોટી ઊણપ એ હતી કે તેમાં પ્રત્યેકની અમર્યાદિત આર્થિક જવાબદારી રહેતી. દા.ત., વહાણવટા અને તેના વેપારમાં ભારે મૂડીરોકાણની જરૂર પડતી તથા તેમાં મોટું જોખમ પણ રહેતું.

આવાં મોટાં સાહસોમાં વેપારીઓનું સંગઠન રચાયું અને તેમાથી પદ્ધતિસરની કંપનીઓ સ્થપાઈ. તેમના સભ્યો અમુક વેપાર તેમજ અમુક વિસ્તારનો ઇજારો મેળવવાના હેતુથી સંગઠિત થતા આ સભ્યો અલગ વ્યક્તિગત રીતે મૂડીનું રોકાણ કરતા નહિ, પરંતુ બધા સભ્યોને લાભદાયી તેવા નિશ્ચિત નિયમોનું પાલન કરવાના આગ્રહી હતા. આમ, તેઓ દરિયાઈ ધક્કા (ડોક) અને ગોદામોની માવજત, ઘુસણખોરો સામે તથા ઇજારાના રક્ષણ માટે સાવચેત રહેતા, સાહસિક વેપારીઓની બનેલી અંગ્રેજ કંપની એક વ્યવસ્થિત કંપની હતી, જે જર્મની તથા નેધરલેન્ડ સાથે વેપાર કરવાના હેતુથી સ્થપાઈ હતી.

17મી સદીમાં યુરોપમાં સંયુક્ત સહકારી કંપની નામે સંસ્થાનો ઉદય થયો. વેપારી વ્યવહારમાં જોખમો ઘટાડવા, સ્થિરતા નિશ્ચિત કરવા અને મૂડી વધારવા તથા વેપારી કામગીરીનો વ્યાપ વિસ્તૃત કરવા આવા સંગઠનની જરૂર લાગતા આ સદીમાં આવી સહકારી કંપનીનો વિકાસ થયો. સંયુક્ત સહકારી કંપનીએ મૂડીરોકાણ કરનારાઓ માટે શૅર બહાર પાડ્યા. કંપનીની કામગીરીમાં ભાગ લીધા સિવાય પણ શૅર ધારણ કરનારને પોતે કંપનીમાં રોકેલ મૂડીના પ્રમાણમાં કંપનીના નફાનો હિસ્સો મળતો. સંયુક્ત સહકારી કંપનીના બે મોટા ફાયદા હતા.

(i) સંયુક્ત સહકારી કંપનીમાં મૂડીની મોટી રકમ શેરો મારફત એકઠી કરી શકાતી તથા જોખમો અને ઊંચા ભાવ શૅર ધારણ કરનારાઓએ ભોગવવાનાં હતાં. પછીથી મધ્યમ વર્ગના લોકોએ પણ શૅરોમાં પોતાની નાની બચતનું રોકાણ કરીને કંપનીના નફાનો લાભ લેવાની તક લીધી.

(ii) સંયુક્ત-સહકારી મંડળી એ સરકાર દ્વારા કાનૂની રીતે માન્ય સંસ્થા હતી અને તે શૅર ધારણ કરનાર પોતાના શૅર પાછા ખેંચી લે કે શૅર ધારણ કરનારનું મૃત્યુ થાય તોપણ ચાલુ રહેતી.

આ સદીની અન્ય મહત્ત્વની પ્રગતિ એ સરકારી સનદ ધરાવતી કંપનીઓની રચના હતી. આ કંપનીઓને સરકાર તરફથી અમુક પ્રદેશોમાં ઇજારા સહિત વેપાર કરવાની અધિકૃત સનદ અપાતી તથા તે પ્રદેશના લોકો પર સત્તા ભોગવવાનો પણ તેમને અધિકૃત પરવાનો અપાતો આને પરિણામે પૂર્વના દેશોમાં વેપારી ઇજારો મેળવવા તથા તેમના લોકો પર આધિપત્ય ભોગવવા ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કંપની (1600), ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપની (1602), ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપની (1664) વગેરે કંપનીઓ સ્થપાઈ.

## 6.7 વેપારી વ્યવસ્થા (Mercantilism)

17મી સદીમાં યુરોપના દેશો વેપારી વ્યવસ્થા નામે જાણીતી થયેલી આર્થિક વિચારસરણી તથા પદ્ધતિની અસર તળે હતા. વેપારી વ્યવસ્થા એ કોઈ સંકલિત રચના ન હતી, પરંતુ રાષ્ટ્રીય સંપત્તિ અને અર્થવ્યવસ્થાને ઉત્તેજન આપવા માટે રાજ્યની દરમિયાનગીરી સહિતના નિયમો તથા નીતિઓવાળી એક પ્રક્રિયા હતી, જેને નીચે મુજબ દર્શાવી શકાય :

(i) એવી માન્યતા હતી કે વિશ્વવેપારનું કદ લગભગ નિશ્ચિત હતું, એટલે રાજ્યની નીતિ એવી રીતે ઘડવી જોઈએ કે આ વેપારનો વધારેમાં વધારે લાભ તેને મળે.

(ii) સોનું તથા ચાંદી એ રાષ્ટ્રીય મિલકતની સૌથી કીમતી ચીજો છે, એટલે તે દેશમાં પ્રાપ્ય ન હોય તો તેને વેપાર મારફત પ્રાપ્ત કરવી જોઈએ.

(iii) સોના-ચાંદી જેવી કીમતી ચીજોનો જથ્થો દેશમાં એકત્રિત કરવા માટે સરકારે પોતાને અનુકૂળ એવું સમતોલ વેપારનું ધોરણ અપનાવવું જોઈએ. એટલે કે ચીજોની આયાત કરતાં ચીજોની નિકાસ વધારે રાખવી જોઈએ. આ રીતે દેશમાંથી સોનું-ચાંદી બહાર જાય તેના કરતાં બહારથી સોનું-ચાંદી દેશમાં વધારે પ્રમાણમાં આવે.


(iv) દેશની મૂડી વધારવા તૈયાર માલની આયાત ઘટાડીને તેના પર ભારે જકાત નાખવી જોઈએ,

જ્યારે કાચા માલની આયાત વધારવા તેના પર ઓછી જકાત લેવી જોઈએ અને નિકાસની ચીજોને રાજ્યે શક્ય તેટલું ઉત્તેજન આપવું જોઈએ.

(v) રાજ્યે પોતે તૈયાર માલ બનાવવા માટે કારખાનાંઓ તેમજ ઉદ્યોગ-કેન્દ્રો સ્થાપીને અથવા તે માટે ઈજારા આપીને અને સંઘપ્રવૃત્તિને નિયંત્રિત કરીને નિકાસ વધારવા શક્ય તેટલા પ્રયાસો કરવા જોઈએ.

(vi) સંસ્થાનો નિકાસની ચીજોની બજાર મેળવવામાં તથા કાચા માલની વિશેષતઃ સોના-ચાંદીની જરૂરિયાત પૂરી પાડવામાં ઉપયોગી થઈ શકે છે. આ માટે જરૂરિયાત જણાય તો સંસ્થાનોના રક્ષણ માટે દેશી કે વિદેશી હરીફો સામે યુદ્ધ પણ કરી શકાય.

(vii) એવી માન્યતા હતી કે સંસ્થાનો એ માતૃદેશને માલ પૂરો પાડનાર કે તેમની જરૂરિયાતો પરિપૂર્ણ કરનાર ઘટકો હતા. માતૃદેશને બજાર મેળવવાની મુશ્કેલી ન પડે તથા તેને કાચા માલની અછત ન ભોગવવી પડે માટે સંસ્થાનોને અમુક માલનું ઉત્પાદન કરવાની માતૃદેશ દ્વારા મનાઈ કરવામાં આવી હતી. સંસ્થાનોના તમામ વેપારનો ઈજારો માતૃદેશ પાસે રખાતો.



ઉપરોક્ત હકીકતના સંદર્ભમાં યુરોપની આ સમયની અમુક દેશોની વેપારી વ્યવસ્થાની ચકાસણી રસપ્રદ થશે. ઈંગ્લેન્ડમાં રાણી ઈલિઝાબેથના શાસનકાળ (1558-1605)માં દેશની તેમજ સંસ્થાનોની વેપારી વ્યવસ્થાના નિયમન માટેના કેટલાક કાયદા પસાર કરવામાં આવ્યા. આ કાયદા 17મી સદીમાં પણ ચાલુ રાખવામાં આવ્યા અને ઉપરાંત નૌયાનને લગતા કેટલાક કાયદા પણ કરવામાં આવ્યા. ઓલિવર ક્રોમવેલના શાસનકાળ (1649-1660) દરમિયાન 1657માં નૌયાનને લગતો પ્રથમ કાયદો પસાર કરવામાં આવ્યો. તે અનુસાર સંસ્થાનોમાંથી ઈંગ્લેન્ડ આવતો માલ અંગ્રેજ વહાણોમાં જ લાવવાનું ઠરાવવામાં આવ્યું. આ કાયદાના અમલ પાછળનો હેતુ દરિયાઈ વેપારમાં તેમજ વહાણવટામાં વલંદા (ડચ)ના આધિપત્યને નાબૂદ કરવાનો હતો. આ પછી અંગ્રેજ વેપારીઓનો સાંસ્થાનિક ઉત્પાદનો પરનો ઈજારો સ્થાપિત કરવા તથા બ્રિટિશ ચીજવસ્તુઓ માટે સંસ્થાનોની બજાર એકહથ્થુ રાખવા નૌયાનને લગતા વિશેષ કાયદાઓ પસાર કરવામાં આવ્યા. આવા કાયદા પસાર કરાવવામાં ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નિયામક અને લંડનના આગેવાન વેપારી થોમસ મુને મહત્ત્વનો ભાગ ભજવ્યો. મુને દ્રવ્ય (ધન)ને જ સાચી સંપત્તિ ગણાવીને મોજશોખની વસ્તુઓની આયાત ઘટાડી નાખવા તથા માત્ર અંગ્રેજી વહાણોને જ વહાણવટાના અધિકાર આપવા અનુરોધ કર્યો.

ફ્રાન્સમાં સંપૂર્ણ સત્તાધારી રાજવી લુઈ 14ના શક્તિશાળી અને મહત્ત્વાકાંક્ષી વડાપ્રધાન જીન બેપ્ટિસ્ટ કોલબર્ટે વિવિધ પ્રકારની વેપારી નીતિઓને ઉત્તેજન આપ્યું. તેના વહીવટ દરમિયાન (1661-1683) પરદેશથી થતી આયાત પર ભારે જકાત નાખવામાં આવી, અનાજ તથા હૂંડિયામણની નિકાસને મર્યાદિત

કરવામાં આવી, ફ્રેન્ચ ઉત્પાદકોને ઉત્તેજન આપવામાં આવ્યું તથા રાજ્ય હસ્તકના ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા. સાંસ્થાનિક સામ્રાજ્યમાં ફ્રાન્સના મુખ્ય હરીફ ડચ સામે લડાઈઓ કરીને ફ્રાન્સની વિદેશોમાં લાગવગ વધારવામાં આવી. વેસ્ટ ઇન્ડિઝ, કેનેડા, લુસિયાના, હિન્દ તથા આફ્રિકામાં ફ્રાન્સનું સાંસ્થાનિક સામ્રાજ્ય વિસ્તારવામાં આવ્યું.

જર્મનીમાં વેપારી વ્યવસ્થા કેમેરાલિઝમ તરીકે ઓળખાતી. આ શબ્દ કેમર એટલે કે રાજ્યની તીજોરી પરથી રચાયેલ હતો. પ્રશિયા (જર્મની)ના કુશળ રાજવીઓ ફ્રેડરિક વિલિયમ (1713-1740) તથા મહાન ફ્રેડરિક (1740-1786) નિકાસ વધારીને તથા હૂંડિયામણ (સોનું-ચાંદી વગેરે) સંગ્રહિત કરીને રાજ્યને શક્તિશાળી બનાવ્યું હતું.

1600થી 1700ની વચ્ચે વેપારી-વ્યવસ્થાને લગતી વિચારસરણી ખૂબ પ્રચલિત થઈ હતી અને તેનાં ઘણાંખરાં લક્ષણો 18મી સદીના અંત સુધી અસ્તિત્વમાં હતાં. આડમ સ્મિથે 1776માં પ્રસિદ્ધ કરેલા પોતાના વિખ્યાત પુસ્તક ''ધી વેલ્થ ઑફ નેશન્સ''માં વેપારી વ્યવસ્થા અને વેપારી ઇજારાશાહીની ટીકા કરી, ત્યાર બાદ વેપારી વ્યવસ્થાની વિચારસરણી તેમજ પદ્ધતિમાં નોંધપાત્ર પરિવર્તન થયું. સુપ્રસિદ્ધ માર્ક્સવાદી વિચારક મોરિસ ડોબના કથન મુજબ વેપારી પદ્ધતિ એ વેપાર મારફત રાજ્ય દ્વારા નિયંત્રિત શોષણ-નીતિ કહી શકાય તથા તેને શરૂઆતના સમાજની મૂડી સંગ્રહિત કરવાની પદ્ધતિ તરીકે ઘટાવી શકાય. ઉપરની હકીકત પરથી એ ફલિત થાય છે કે વેપારી વ્યવસ્થાનો સમય એ યુરોપમાં મૂડી સંગ્રહિત કરવાનો યુગ હતો; જે પછીથી 18 અને 19મી સદીમાં થયેલ ઔદ્યોગિક ક્રાન્તિ માટે ખૂબ ઉપયોગી સાબિત થયો.

## 6.8 કિંમતમાં વધારો અને કટોકટી (Price Rise and Crisis)

આમ છતાં સોના-ચાંદીની પ્રાપ્તિ એ લાંબો સમય સુધી દેશને ધનિક બનાવવા માટે પર્યાપ્ત ન કહેવાય. સોના અને ચાંદી જેવી કીમતી ધાતુઓ અમુક લોકોને ધનવાન બનાવી શકે છે, પરંતુ જો દેશના બધા જ લોકો આવી કીમતી ધાતુઓ ધરાવતા થઈ જાય તો વિદેશોમાંથી મોજશોખની અને અન્ય વસ્તુઓ ખરીદવાની દેશ માટે જોખમકારક અને નુકસાનકારક પ્રવૃત્તિ વધી જાય. આ પ્રવૃત્તિ જોખમી કેમ કહેવાય ? જો સોના-ચાંદીનો ઉત્પાદનના વિકાસ માટે ઉપયોગ કરવામાં ન આવે તો તેઓ જાતે લોકોને વધારે વસ્તુઓ કે વધારે સેવા આપી શકે નહિ. અન્યથા દેશને આયાતી ચીજો પર આધાર રાખવો પડે, જેનાથી લોકોની ઉત્પાદનશક્તિનો આવિર્ભાવ થાય નહિ. સ્પેનમાં 17મી સદીમાં આવું જ બન્યું હતું. સ્પેને દક્ષિણ અમેરિકાના પ્રદેશો જીત્યા અને તેમાંથી સોનું અને ચાંદી સ્પેનમાં મોટા જથ્થામાં આવ્યાં. પરિણામે લોકોની ઉત્પાદકશક્તિ પર વિપરીત અસર થઈ.

અમેરિકામાંથી 1594માં સ્પેનમાં આયાત કરવામાં આવેલી ચીજોમાં 95.6 સોના-ચાંદી જેવી કીમતી ધાતુઓ હતી. સ્પેને 1530માં દક્ષિણ અમેરિકાની જીત કરતા તેને ત્યાંથી પુષ્કળ પ્રમાણમાં સોનું મળ્યું. 16મી સદીના છેલ્લા દશકામાં સ્પેનને દક્ષિણ અમેરિકામાંથી 27 લાખ કિલોગ્રામ સોનું મળ્યું હતું. અલબત્ત, આથી 16મી સદીનું સ્પેન ખૂબ સમૃદ્ધ અને શક્તિશાળી બન્યું, પરંતુ આ સોનું તથા ચાંદી સ્પેનમાં ટકી શક્યા નહિ, કારણ કે આ કીમતી ધાતુઓથી સ્પેનના લોકો યુરોપની બજારોમાંથી ખેતીવાડી તથા ઉદ્યોગોને લગતો વિવિધ સામાન ખરીદવા લાગ્યા અને પરિણામે ઇંગ્લૅન્ડ તથા હોલૅન્ડના આને લગતા ઉદ્યોગોને સારું એવું પ્રોત્સાહન મળ્યું. વળી, આનાથી બજારમાં આવતા સોના-ચાંદીના સિક્કાઓમાં અનહદ વધારો થયો, જેણે સ્પેન તેમજ યુરોપના અન્ય દેશોની ચીજ-વસ્તુઓના ભાવમાં ક્રાન્તિ આણી.

એક અંદાજ પ્રમાણે 1500 થી 1600ની વચ્ચે યુરોપમાં સોના-ચાંદીનો જથ્થો ત્રણ ગણો થયો. 1503 થી 1650ની વચ્ચે યુરોપમાં 20,644 ટન સોના-ચાંદીનો જથ્થો આયાત કરવામાં આવ્યો. જોકે 16મી સદીમાં યુરોપમાં થયેલા વસ્તીવધારાને કારણે વિકસેલા વેપારમાં આમાંનો અમુક જથ્થો સમાવિષ્ટ થઈ ગયો. આને પરિણામે વસ્તુઓના ભાવમાં પણ વધારો થયો. દા.ત., 16મી સદીમાં ઇંગ્લૅન્ડમાં અનાજના ભાવમાં ચાર ગણો અને ફ્રાન્સમાં છ ગણો વધારો થયો. યુરોપમાં 17મી સદીના મધ્ય ભાગમાં ઊંચા ભાવ, સ્પેન, પોર્ટુગલ તથા ઇટાલી જેવા દેશોમાં આર્થિક બંધિયારપણું, ધાર્મિક યુદ્ધો અને અમુક વિસ્તારોમાં વસ્તીના ઘટાડાથી કટોકટી સર્જાઈ.

ત્રીસવર્ષીય યુદ્ધો (1618-1648), રોગચાળા તથા અનેક દેશોમાં ખેડૂતોના બળવાઓએ કટોકટીમાં વધારો કર્યો. આમ છતાં કટોકટી ઘણા વિસ્તારોમાં ફેલાઈ હોવા છતાં સમસ્ત યુરોપ પર તેણે એકસરખી અસર કરી ન હતી. સ્પેન તથા ઇટાલીમાં તેની અસર સૌથી વધુ નુકસાનકારક સાબિત થઈ, કારણ કે યુરોપની 16મી સદીની વેપારની તથા બજારની બદલાતી પદ્ધતિ સાથે આ દેશોની રાજકીય, યાંત્રિક તેમજ સામાજિક-ધાર્મિક સ્થિતિ કદમ મિલાવી શકી નહિ. બીજી બાજુ ડચોએ આ કટોકટી પાર કરી એટલું જ નહિ, પરંતુ પોતાના અર્થતંત્ર અને વેપારને સદ્ધર બનાવ્યા, જ્યારે ઇંગ્લૅન્ડમાં થયેલ આંતરવિગ્રહ (1642-49)ને પરિણામે સ્ટુઅર્ટ રાજા ચાર્લ્સ લૉનો, શિરચ્છેદ કરવામાં આવ્યો, જેની તેની અર્થવ્યવસ્થા પર માઠી અસર થઈ.

વેપાર તથા ઉદ્યોગમાંના વેપારી વર્ગની તરફેણમાં રાજકીય સત્તાના નિશ્ચિત પરિવર્તનની આ શરૂઆત કહી શકાય. દા.ત., બ્રિટનનાં વેપારી હિતોની રક્ષા માટે 1651થી નૌયાનને લગતા કાયદા પસાર કરવામાં આવ્યા. વડાપ્રધાન કોલબર્ટે વેપારને લગતા કાયદાઓ પસાર કરીને ફ્રાન્સને 17મી સદીની કટોકટીમાંથી

ઉગાર્યું એટલું જ નહિ, પરંતુ તેની અર્થવ્યવસ્થાને પણ સ્થિર અને દૃઢ બનાવી. આમ, 17મી સદીના અંતે યુરોપની સ્થિતિનું અધ્યયન કરતા એ સ્પષ્ટ થયું કે ઇંગ્લેન્ડ, ફ્રાન્સ તથા હોલેન્ડ મહાસત્તાઓ તરીકે ઉદય પામ્યા હતા. આ સમયે વેપારી કેન્દ્રો ભૂમધ્યના કિનારેથી આટલાન્ટિકના કિનારે વિકસ્યા હતા. આથી આ દેશોને દરિયાપારનાં બજારો તથા સંસ્થાનો મેળવવાનો મોટો લાભ થયો હતો. આમ, 18મી સદીમાં ઇંગ્લેન્ડ, ફ્રાન્સ તથા હોલેન્ડનું એકબીજા સાથે ભારે સ્પર્ધા કરતી સાંસ્થાનિક સંસ્થાઓમાં પરિવર્તન થયું, પરંતુ ઔદ્યોગિક ક્રાન્તિને લીધે ઇંગ્લેન્ડે તેમાં સૌથી મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું, જેનું વિવરણ હવે પછીના એકમમાં કરવામાં આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વેપારી ક્રાન્તિનો અર્થ 80 શબ્દોમાં સમજાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

2. વેપારી માલની ખરીદી પેટે કારીગરને અગાઉથી એડવાન્સ રકમ આપતો. આ પદ્ધતિથી વેપારી-કારીગરને શા લાભાલાભ થયા ?

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

3. વેપારી વ્યવહારમાં રાજ્યના હસ્તક્ષેપની અસરો તપાસો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................

4. નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો :

(i) વેપારી સંગઠનો

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

(ii) માતૃદેશ તથા સંસ્થાનો વચ્ચેના સંબંધો

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

(iii) સંયુક્ત કંપની અને પટ્ટાધારી કંપની

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

## 6.9 ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિકીકરણનો પ્રારંભ (England : On the Path of Industrialisation)

18મી સદીના ઉત્તરાર્ધમાં યંત્રોના અમલથી ઇંગ્લેન્ડની ખેતી તેમજ ઉદ્યોગમાં થયેલાં પરિવર્તનોએ તેના

અર્થતંત્ર તેમજ સમાજમાં ક્રાન્તિ આણી, ''ઔદ્યોગિક ક્રાન્તિ'' જેવો શબ્દ 19મી સદીના ઉત્તરાર્ધમાં પ્રચલિત બન્યો અને તેના વિવિધ ખુલાસા તેમજ અર્થ આપવામાં આવ્યા. પરંતુ ઔદ્યોગિક ક્રાન્તિ માટે કોઈ એક જ પરિબળ જવાબદાર હતું તેમ કહી શકાય નહિ. વાસ્તવિક હકીકત તો એ છે કે તેની પ્રક્રિયા સમજવી જરૂરી છે. એટલે કે તેના ઉદ્ભવમાં રાજકીય પરિબળો, સાંસ્કૃતિક મૂલ્યો, વસ્તીવધારો તથા કુદરતી તેમજ માનુષી સાધનોના યોગ્ય ઉપયોગે મહત્ત્વનો ભાગ ભજવેલ છે, તેની સમજણ આવશ્યક છે.

આ પહેલાના વિભાગમાં ઇંગ્લૅન્ડમાં થયેલ આંતરવિગ્રહની અસરની ચર્ચા કરવામાં આવી છે. વેપારી જૂથોએ આ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને ઇંગ્લૅન્ડની સંસદમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. 1660માં ઇંગ્લૅન્ડમાં ફરી રાજાશાહી સ્થપાતાં તેણે પોતાની આપખુદ સત્તા સ્થાપવા પ્રયત્ન કર્યા, પરંતુ ઇંગ્લૅન્ડમાં 1688ની બિન-લોહિયાળ ક્રાન્તિથી રાજાશાહીની સત્તા મર્યાદિત બની. આ ક્રાન્તિથી ઇંગ્લૅન્ડમાં રાજાશાહી બંધારણીય બની અને સંસદ આખરી સત્તાધીશ બની તથા ઇંગ્લૅન્ડમાં રાજાને બદલે કાયદાનું રાજ્ય સ્થપાયું. 1688ની બિન-લોહિયાળ ક્રાન્તિ પછી અંગ્રેજી સમાજ તથા સંસદ પર ખેતીવાડી, વેપાર તેમજ રોજગાર કરતા ભદ્ર વર્ગનો પ્રભાવ વધ્યો. રાજ્યના કાયદાઓની મદદ વડે આ વર્ગે 18મી સદીમાં ફરી વાડબંધી ચરાવ જમીનમાં વધારો કર્યો. ઇંગ્લૅન્ડમાં આવી પ્રથમ વાડબંધી ચળવળ 15-16મી સદીના ઉત્તરાર્ધમાં થઈ હતી, જ્યારે ઘેટાં અને ઢોરના ઉછેર માટે જમીનધારકોએ પોતાનાં ખેતરોને વાડબંધી ચરાવ જમીનમાં પરિવર્તિત કર્યાં હતાં.

આમ છતાં 18મી સદીના પ્રારંભ (1710)થી જમીનદારોએ ચરાવ જમીનની સાથોસાથ જમીનમાં પાક ઉગાડવાની ક્ષમતા પણ જળવાઈ રહે તેવું આયોજન કર્યું. આ રીતે જમીનદારો વૈજ્ઞાનિક ખેતી અને નવી ખેતપદ્ધતિ મારફત નવા પાકો ઉગાડીને પોતાની ખેતીને સમૃદ્ધ કરવા માગતા હતા. વિશેષમાં જે જમીનો પર લોકો પરંપરાગત ઉપભોગનો હક ભોગવતા હતા, તે જમીન લઈને તેમાં પણ ઉપરોક્ત પદ્ધતિથી વિશેષ સારો અને નવો પાક લેવાની ધારણા હતી. આને પરિણામે જમીન એ જમીનદારોની ખાનગી માલિકી ધરાવતી વેપારની ચીજ બની ગઈ. જમીનદારોએ નફો મેળવવા આ જમીનમાં બજારમાં તુરત વેચાઈ જાય તેવા પાકો ઉગાડવા માંડ્યા. વધારામાં પાકની ફેરબદલી, ઘનિષ્ઠ ખેતી, નવાં સાધનો અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ, આધુનિક યાંત્રિક પમ્પોની સહાયથી ભેજવાળી જમીનને કસવાળી જમીનમાં બદલવાની પ્રક્રિયા વગેરેથી ખેતપેદાશોમાં ભારે વૃદ્ધિ કરવામાં આવી. આનાથી ઇંગ્લૅન્ડમાં ખેતીવાડી ક્ષેત્રે ક્રાન્તિ સર્જાઈ, જેને પરિણામે 18મી સદીમાં ઘઉંનું ઉત્પાદન ત્રણ ગણું થયું તથા ઘેટાં તેમજ ઢોરની સંખ્યામાં બેવડો વધારો થયો. તેથી 1830 સુધીમાં ઇંગ્લૅન્ડની અનાજની 90 ટકા જેટલી જરૂરિયાત પૂરી થાય તેટલું ઉત્પાદન થઈ શક્યું.

આમ છતાં વાડબંધી ચળવળનું એક નોંધપાત્ર પરિણામ એ આવ્યું કે જમીનદારોએ રાજ્યના કાયદાઓની સહાયથી જમીન પર કબજો મેળવ્યો અને પરંપરાગત જમીન ભોગવટો ધરાવતા ખેડૂતોએ તે હક ગુમાવ્યો અને તેમને આ ખેતરો પર ખેતમજૂરો તરીકે કામ કરવાની ફરજ પડી. આ પ્રક્રિયામાં ખેડૂત એ ખેડૂત ન રહ્યો પરંતુ મજૂર બન્યો. અલબત્ત, આ પ્રક્રિયામાં બધા જ ખેડૂતોનો ખેત-મજૂરો તરીકે સમાવેશ થઈ શક્યો નહિ, એટલે જો આ છૂટા થયેલ ખેડૂતો પાસે અન્ય વિકલ્પો ન હોત તો તેમને બેરોજગાર થવું પડત, પરંતુ 18મી સદીની ઇંગ્લૅન્ડની વિકસતી જતી અર્થવ્યવસ્થાએ તેમને સ્થાનિક ગૃહબજાર, નિકાસ બજાર, રાજ્ય મારફતની બજાર વગેરેમાં રોજી પૂરી પાડી. એટલે 18મી સદીના ઇંગ્લૅન્ડમાં બેકારી કે બેરોજગારીનો પ્રશ્ન ભાગ્યે જ ઉપસ્થિત થયો.

ઇંગ્લૅન્ડની 18મી સદીની સ્થાનિક બજાર સ્થિર હતી અને તેનો વ્યાપ શહેરી વિસ્તારોમાં ફેલાયેલો હતો. વાડ ચળવળને પરિણામે જે ખેડૂતોને ખેતીમાં ખેતમજૂરો તરીકે સમાવી શકાયા નહિ, તેઓએ શહેરોમાં સ્થળાંતર કર્યું. ત્યાં વિકસતા જતા ધંધાઓમાં, વેપારમાં કે ધનિક ગૃહોમાં મજૂરો તરીકે તેઓને કામગીરી મળી. તેઓને રોકડ પગાર આપવામાં આવતો. આથી તેઓ અનાજ, કાપડ તેમજ જીવનજરૂરિયાતની અન્ય ચીજો રોકડેથી ખરીદી શકતા. આનાથી બજારમાં આ વસ્તુઓની માંગ વધી. વળી, શહેરોમાં આ રીતે ખેતમજૂરોનું મોટા પ્રમાણમાં સ્થળાંતર થતાં શહેરોની વસ્તી વધી એટલે પણ ચીજવસ્તુઓની માંગમાં વધારો થયો. તેનાથી ઉત્પાદનને વેગ મળ્યો.

જોકે વસ્તીવધારાથી દેશના અર્થતંત્રને ફાયદો થાય તેવું હંમેશા નથી. અમુક દેશો તો વસ્તીવધારો છતાં ગરીબ રહ્યા છે અને તેમાં ગરીબી વધી છે, તેનું કારણ તેઓ વસ્તીવધારાની સાથે ઉત્પાદન વધારાનો દર જાળવી શક્યા નહિ, પરંતુ 18મી સદીના ઇંગ્લૅન્ડમાં તો વસ્તીવધારાની સાથે જુદાંજુદાં ક્ષેત્રોમાં ઉત્પાદનમાં પણ ત્યારે વધારો થયો એટલે વધેલી માનવશક્તિ ઇંગ્લૅન્ડના અર્થતંત્રને ફાયદાકારક નીવડી, આનાથી ઇંગ્લૅન્ડના ઉદ્યોગોને સસ્તા મજૂરો મળતા અર્થવ્યવસ્થાને લાભ થયો. વળી, 18મી સદીમાં ઇંગ્લૅન્ડની આયાત કરતા નિકાસ પ્રમાણમાં વધી, કારણ કે ઇંગ્લૅન્ડનું આ સદીમાં વિવિધ ચીજોનું ઉત્પાદન ઘણુ વધ્યું. આનાથી પણ ઇંગ્લૅન્ડની આ સદીની અર્થવ્યવસ્થા સંગીન બની. આ સરસમાં ઇંગ્લૅન્ડમાં અનાજ દળવાની યાંત્રિક ઘંટીઓ, દારૂ બનાવવાનાં યાંત્રિક સાધનો, કટલેરી, સ્ટવનું ઉત્પાદન વગેરે ઉદ્યોગો વિકસ્યા તેથી પણ ઇંગ્લૅન્ડના અર્થતંત્રને ઘણો ફાયદો થયો.



પરંતુ ઇંગ્લૅન્ડને 18મી સદીમાં સ્થાનિક બજારની સ્થિરતા અને વૃદ્ધિથી આર્થિક લાભ થયો તેના કરતાં

ઘણો વધારે આર્થિક લાભ નિકાસ બજારની અનેકગણી વૃદ્ધિથી થયો. 1780થી ઇંગ્લૅન્ડના ઉદ્યોગો ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે ઘણા વિકસ્યા, એટલે વધારાના ઉત્પાદનના નિકાલ માટે નિકાસ બજારની જરૂર પડી, જે તેમને સંસ્થાનોમાં પ્રાપ્ત થઈ. જે. હોબસબાઉને પોતાના પુસ્તકમાં આનું વિસ્તૃત વિઘટન કરેલું છે. 1700માં ઇંગ્લૅન્ડનો સંસ્થાનો સાથેનો વેપાર 15 ટકા જેટલો હતો, જે વધીને 1775માં 33 ટકા જેટલો થયો હતો.

1715માં ઇંગ્લૅન્ડનો ઉત્તર અમેરિકા તથા વેસ્ટ ઇન્ડિઝ સાથેનો વિદેશી વેપાર 19 ટકા જેટલો હતો, જે 1785માં વધીને 35 ટકા જેટલો થયો. આ ગાળા દરમિયાન ઇંગ્લૅન્ડનો એશિયા તથા આફ્રિકા સાથેનો વેપાર 7 ટકાથી વધીને 19 ટકા થયો. 18મી સદીના અંતે સોનું તથા તેજાનાનું સ્થાન નિકાસની ચીજો તરીકે મોટે ભાગે ખાંડ, ચા, કૉફી, તમાકુ, કાપડ વગેરેએ લીધું. ખાસ કરીને ચા, કૉફી, તમાકુ અને ખાંડના બગીચાઓમાં ગુલામ-મજૂરોની વધારે જરૂરિયાત રહેતી હોવાથી ઉત્તર અમેરિકા, વેસ્ટ ઇન્ડિઝ, દક્ષિણ અમેરિકા તથા બ્રાઝીલમાં, ગુલામોની લે-વેચની મોટી બજારો ઊભી થઈ. આ પ્રદેશોમાં આફ્રિકામાંથી 16મી સદીમાં દસ લાખ, 17મી સદીમાં ત્રીસ લાખ તથા 18મી સદીમાં સિત્તેર લાખ ગુલામો લાવવામાં આવ્યા હતા. 1780 સુધીમાં બ્રિટનના ગુલામોના વેપારીઓએ આફ્રિકામાંથી ગુલામોની કુલ સંખ્યાના અર્ધા ભાગ જેટલા ગુલામો અમેરિકામાં મોકલી આપીને પુષ્કળ નફો કર્યો હતો.

બ્રિટને અપનાવેલ આક્રમક પરદેશનીતિને લીધે 18મી સદીના અંત સુધીમાં તેણે વિશ્વની મહાસત્તા તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. આ સમયગાળામાં બ્રિટને પાંચ મોટી લડાઈઓમાં ભાગ લીધો અને યુરોપની સર્વોપરી સત્તા તરીકેની સ્વીકૃતિ મેળવી. તેણે આ દરમિયાન સંસ્થાનોની વસાહતોનો વિસ્તાર કર્યો અને આર્થિક લાભ માટે પોતાના પ્રતિસ્પર્ધીઓ સાથે યુદ્ધો પણ કર્યાં. તેણે 18મી સદીના અંત સુધીમાં પોતાના મુખ્ય વેપારી હરીફો ફ્રેન્ચો તથા ડચોને પરાજય આપીને તેમનો પ્રભાવ નામશેષ કારી નાખ્યો અને એ રીતે બ્રિટને એશિયા તથા આફ્રિકામાં પોતાનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપવાનો માર્ગ મોકળો કર્યો. આવી સ્પર્ધાઓ તેમજ લડાઈઓમાં શક્તિશાળી નૌકાકાફલો તેમજ તેને લગતાં શસ્ત્રોની લશ્કરને જરૂરિયાત રહે, તે પણ બ્રિટને 18મી સદીના અંત સુધીમાં પૂરી કરી.

આ દરમિયાન (1750-1780) બ્રિટન તથા યુરોપમાં ઔદ્યોગિક ક્રાન્તિની પ્રક્રિયા ઝડપી બની અને પરિણામે ઢગલાબંધ માલ ઉત્પન્ન થવા લાગ્યો, જે સંસ્થાનોમાં અપાવવા બ્રિટને હરીફોને પરાજય આપીને એકહથ્થુ વેપારી તેમજ રાજકીય સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું. આમાં મૂડી, વેપારી સાહસિક વૃત્તિ તથા યંત્રકલાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો, જેના વડે સંસ્થાનોનું શોષણ થયું. તેમજ યુરોપની સાથે એશિયાઈ અને આફ્રિકાના દેશોમાં પણ આધુનિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ.


આધુનિક યુગમાં વિજ્ઞાન તથા યંત્રવિદ્યાની ગતિ ઝડપી બની છે. અને આથી સમાજનું પરિવર્તન પણ ગતિશીલ થયું છે, એટલે ઉત્પાદકોએ અને વેપારીઓએ બજાર મેળવવા અને તેને વિકસાવવા આધુનિક પદ્ધતિઓ અપનાવવી પડે છે તથા નવી વૈજ્ઞાનિક તેમજ યાંત્રિક શોધોના સતત સંપર્કમાં રહેવું પડે છે. ઇંગ્લૅન્ડ અને યુરોપીય દેશો કરતાં આમાં મોખરે રહ્યું એટલે તે પોતાના હરીફોને મહાત કરીને પોતાનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપી શક્યું અને વિકસાવી શક્યું.

આમ, તો યુરોપ 15મી સદીથી જ (પુનરુત્થાન તથા ધર્મસુધારણાની ચળવળો દરમિયાન) પુરાણા ખ્યાલો - જૂની માન્યતાઓ ત્યજીને - વૈજ્ઞાનિક રીતે વિચારતું થયું હતું તથા માત્ર અનુમાનો અને અટકળોને બદલે પ્રયોગો તથા પુરાવા પર આધાર રાખતું થયું હતું. આવા તુર્કશુદ્ધ વિચારો તેમજ નક્કર પ્રયોગોના ફેલાવામાં ફ્રાન્સિસ બેકન કૉપરનિકસ, ગેલિલિયો, આઇઝેક ન્યૂટન વગેરેએ મૂલ્યવાન પ્રદાન કર્યું. પરિણામે વિજ્ઞાનને ક્ષેત્રે, વિશેષ સંશોધનના સંગઠિત પ્રયાસ રૂપે 1662માં રોયલ સોસાયટી ઑફ લંડન અને 1665-66માં ફ્રેન્ચ રોયલ ઍકેડેમીની સ્થાપના થઈ. આવા પ્રયાસોને લીધે વિશ્વના સ્વરૂપ વિશેના પુરાણા ખ્યાલો, વહેમો, જંતર-મંતર તેમજ શરીરની રચના તથા રોગોની ચિકિત્સા વગેરેના જડ અને રૂઢિગત ખ્યાલોની અસર લોકોમાં ઘણી ઘટી ગઈ. આમ, વૈજ્ઞાનિક વિચારોએ નવી શોધો તેમજ નવા વિચારોને પ્રેરીને ઔદ્યોગિક ક્રાન્તિમાં નોંધપાત્ર પ્રદાન કર્યું.


આમ છતાં અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ઔદ્યોગિક ક્રાન્તિની પ્રથમ શરૂઆત ઇંગ્લૅન્ડમાં થઈ તે તેના સમાજે યુરોપના અન્ય દેશો કરતાં નવા વિચારો પ્રથમ અપનાવ્યા હોવાને લીધે થઈ હોવાનું વિધાન વાસ્તવિક કહેવાય નહીં. ઉપર દર્શાવેલા શોધકો, સંશોધકો, વૈજ્ઞાનિકો તથા વિચારકો ઇટાલી, જર્મની, ફ્રાન્સ તથા યુરોપના અન્ય દેશોમાંથી પણ આવ્યા હતા. એટલું સાચું છે કે 18મી સદીના ઇંગ્લૅન્ડના સમાજ તેમજ અર્થતંત્રના વેગીલા વિકાસને કારણે નવી વૈજ્ઞાનિક તેમજ યાંત્રિક શોધોનો પહેલો અમલ ઇંગ્લૅન્ડમાં થયો.

18મી સદી દરમિયાન ઇંગ્લૅન્ડે વિશ્વબજારમાં મોટા વેપારી તરીકે નામના મેળવી હતી, જ્યારે ફ્રાન્સમાં આ સમયે એકસરખી સ્થિર બજાર ન હતી તથા પૂરતી મૂડી અને મજૂરીનો અભાવ હતો. વળી, ફ્રાન્સના ધનિકો પોતાની મૂડી વેપારને બદલે બહુધા રાજ્યના ઊંચા હોદ્દા મેળવવા તથા જમીન-જાગીર ખરીદવામાં વાપરતા હતા. વિશેષમાં ફ્રાન્સની સરકાર તેમજ તેનો ઉપલો વર્ગ વેપાર પ્રત્યે એટલો સજાગ તેમજ ક્રિયાશીલ પણ ન હતો. જોકે ડચ વેપાર તેમજ મૂડીરોકાણમાં જાગૃત હતા, પરંતુ તેઓ યાંત્રિક ઉદ્યોગો

પ્રતિ દેશને વાળવામાં નિષ્ફળ ગયા. માત્ર બ્રિટન જ આમાં સફળ રહ્યું એટલે વિશ્વની વેપારી આલમથી તેણે અગ્ર સ્થાન મેળવ્યું.




4.



5.

## 6.10 ઔદ્યોગિક ક્રાન્તિ (The Industrial Revoluation)

ઇંગ્લૅન્ડમાં 18મી સદીના પૂર્વાર્ધથી યાંત્રિક સાધનોનો ઉપયોગ શરૂ થઈ ગયો હતો. ઇંગ્લૅન્ડનાં ઘણાં શહેરોનું પુનર્નિર્માણ થયું તથા માર્ગો, નદીઓ તથા નહેરો મારફત થતા વાહનવ્યવહારમાં સુધારા-વધારા કરવામાં આવ્યા. વાહનવ્યવહારમાં આવા સુધારાથી રાષ્ટ્રીય બજાર ઊભી થઈ તથા માલની હેરફેરની કિંમતમાં પણ ઘટાડો થયો. દા.ત., લિવરપુલથી માન્ચેસ્ટર કે બર્મિંગહામ નહેર મારફતે જે માલ લઈ જવાતો તેની હેરફેરની કિંમતમાં એક ટને 80 ટકાનો ઘટાડો થયો.

પોલાદના ઉત્પાદન માટે 1754માં ફરતું યંત્ર અમલમાં મુકાયું. કાપડના ક્ષેત્રે ત્રણ મહાન શોધોએ કાપડના ઉત્પાદનમાં ક્રાન્તિ આણી. જેમ્સ હાર્ગ્રેવ્જે 1765માં શોધેલી સ્પીનિંગ જેનીએ સૂતર કાંતવાની શક્તિને સો ગણી કરી. આ પછી એક જ વ્યક્તિ આઠ વ્યક્તિઓનું કામ કરી શકતી. રિચાર્ડ આર્કરાઇટે શોધેલ વૉટર ફ્રેઇમે રોલરના જોડાણથી કાંતણ - જેનીની વેપારી ઉત્પાદનશક્તિને વધારી. ક્રૉમ્પ્ટને કરેલ કાંઠલાની શોધથી 1780થી કાપડઉત્પાદનમાં વરાળશક્તિનો ઉપયોગ થયો. આના પરિણામે એક જ સ્થાનમાં સેંકડો કારીગરોની સહાયથી કારખાનાંઓમાં જથ્થાબંધ ઉત્પાદન શક્ય બન્યું.

1780થી 1790ની વચ્ચે ઇંગ્લૅન્ડમાં વણાટકામનું યાંત્રિકીકરણ થયું એટલે કે પાવરલુમ્સનો ઉપયોગ શરૂ થયો, જેનો ફેલાવો નેપોલિયનનાં યુદ્ધોની સમાપ્તિ (1815) બાદ થયો. 1790થી બ્રિટનની સુતરાઉ કાપડની નિકાસમાં ઝડપી વધારો થયો, જેનો 1815 બાદ ભારે ફેલાવો થયો. નેપોલિયનનાં યુદ્ધોની સમાપ્તિ (1815) બાદના થોડા દશકાઓમાં ઇંગ્લૅન્ડે જે ચીજોની નિકાસ કરી તેમાં 50 ટકા નિકાસ સુતરાઉ કાપડની હતી તથા 1830થી 1840ની વચ્ચે જે કુલ આયાત કરી તેમાં કાચું રૂ માત્ર 20 ટકા જેટલું હતું, જેની ભારતના ગૃહઉદ્યોગો તથા ખેતી પર ઘણી વિપરીત અસર થઈ.

સુતરાઉ કાપડના ઉત્પાદનની સાથે નવાં યંત્રોની સહાયથી તાંબું, પોલાદ, કાચ, કાગળ વગેરે ઉદ્યોગોનો પણ ઝડપી વિકાસ થયો. જેમ્સ વૉટે 1790ની આસપાસ કરેલી સ્ટીમ એન્જિનની શોધે ઘણા ઉદ્યોગો અને વાહનવ્યવહાર તેમજ સંદેશાવ્યવહારનાં સાધનોમાં ક્રાન્તિ આણી. હલેસાંથી ચાલતાં વહાણોને બદલે વરાળયંત્રથી ચાલતાં વહાણોએ વહાણવટા તેમજ દરિયાઈ વેપારમાં ક્રાન્તિકારક પરિવર્તન કર્યું. 1840 પછી શરૂ થયેલી રેલવેએ જમીન પરના વાહનવ્યવહાર તેમજ વેપાર-વાણિજ્યમાં નવા યુગની શરૂઆત કરી.

આમ, ઔદ્યોગિક ક્રાન્તિએ ઉત્પાદનની પદ્ધતિમાં પરિવર્તનોની હારમાળા સર્જી. યંત્રો પર આધારિત કારખાનાપદ્ધતિએ કારીગરોને વેપારીઓ મારફત અપાતી આગવી રકમની પદ્ધતિ નિર્મૂળ કરી. એટલે કે કારીગરો પોતાનાં સાધનો વડે વેપારીઓ પાસેથી આગવી રકમ લઈને રહેઠાણે જે માલ ઉત્પન્ન કરતા તે પ્રક્રિયા નાબૂદ થઈ. કારખાનાપદ્ધતિમાં તો કારખાનાનો માલિક કારીગરને રોજી આપીને કામ લેતો, તેમાં કારીગરે પોતાનાં સાધનો વાપરવાનાં હતાં નહિ, કારખાનાંનાં યંત્રોમાં જ ઉપયોગ કરવાનો હતો. આને પરિણામે ઔદ્યોગિક મજૂરોનો વર્ગ ઊભો થયો, જે કામદારો તરીકે ઓળખાયો. કારીગરોએ જમીન, સાધનો, ઉદ્યોગ વગેરે પરની માલિકી ગુમાવતા તેઓ માત્ર રોજી રળતા મજૂરો બન્યા તથા ગરીબીમાં સપડાયા. આથી યાંત્રિકીકરણની પ્રક્રિયા સામે કારીગરોનો વિરોધ શરૂ થયો. 19મી સદીના પ્રારંભે મજૂરો મારફત રોટી-રમખાણો થયાં અને યંત્રોની ભાંગફોડ પણ થઈ. આને પરિણામે 1830થી 1840ની વચ્ચે મજૂર-સંગઠનો રચાયાં તથા મજૂર-ચળવળ શરૂ થઈ.

મજૂરવર્ગની સાથે મૂડીદાર વર્ગ પણ સંગઠિત બન્યો. વેપારી વર્ગમાંથી મૂડીદાર કે ઔદ્યોગિક વર્ગ અસ્તિત્વમાં આવ્યો. અમુક સ્વતંત્ર રોજગારોમાં જે કારીગરો સારુ કમાયા તેમણે પણ નવા મૂડીદાર વર્ગની સાથે પોતાની મૂડીનું રોકાણ કારખાનાંઓમાં કર્યું. કારખાનાંઓમાં થતા નફાનો ઉપયોગ બહુધા વધારે સારાં યંત્રો લાવવામાં તથા યંત્રો વડે માલની ગુણવત્તા વધારવામાં કરવામાં આવ્યો. યાંત્રિક ઔદ્યોગિકીકરણની સાથે મૂડીમાં પણ સારો એવો વધારો થયો. 1820થી 1845ની વચ્ચે સુતરાઉ કાપડનું

ઉત્પાદન 40 ટકા જેટલું વધ્યું, જેનાથી માલિકો પાસે સારી એવી મૂડી એકઠી થઈ, પરંતુ આ દરમિયાન મજૂરોની રોજીના દરમાં માત્ર પાંચ ટકાનો વધારો થયો.

ઔદ્યોગિક ક્રાન્તિનું એક પરિણામ એ આવ્યું કે ખેતીક્ષેત્રમાંથી મજૂરો ઔદ્યોગિક ક્ષેત્રમાં એટલે કે બહુધા ગામડાંમાંથી શહેરોમાં સ્થળાંતર થયા. 17મી સદીના અંત સુધી આશરે 80 ટકા લોકો ખેતીમાં રોકાયેલા હતા. 1800માં તેની સંખ્યા 60 ટકાની અને 1901માં તે માત્ર 8.5 ટકાની થઈ. 1750ની આસપાસ રાષ્ટ્રીય આવકના 40 થી 50 ટકા ખેતીવાડીમાંથી મળતા હતા, પરંતુ 1851માં તેની ટકાવારી માત્ર 20 ટકા હતી.

આનો અર્થ એ નથી કે ઇંગ્લૅન્ડમાં ખેતીવાડી પડી ભાંગી હતી; પરંતુ યાંત્રિક પ્રગતિને લીધે તેમાં જોઈતી માનવશક્તિ ઘટી ગઈ. ઔદ્યોગિકીકરણને પરિણામે ઝડપી શહેરીકરણ પણ થયું. લંડનની વસ્તી 1600માં બે લાખની હતી, તે 1800માં દસ લાખની થઈ. 1851માં એક લાખ કરતાં વધારે વસ્તી ધરાવતાં શહેરોની સંખ્યા બ્રિટનમાં 21ની હતી, જ્યારે બ્રિટનની કુલ વસ્તીના ત્રીજા ભાગની વસ્તી શહેરોમાં વસતી હતી, શહેરી જીવન ઘણું કઠિન હતું કારખાનાંઓમાં પુરુષોની સાથે સ્ત્રીઓ તથા બાળકોને પણ મજૂરો તરીકે રોકવામાં આવતાં, જેમની સ્થિતિ દયાજનક હતી. 19મી સદીના મહાન લેખક ચાર્લ્સ ડીકને પોતાની નવલકથામાં મજૂરોની દુઃખદાયક સ્થિતિનું હૂબહૂ ચિત્ર રજૂ કર્યું છે.

## 6.11 ઔદ્યોગિક મૂડીવ્યવસ્થાની પરિપક્વતા (The Maturation of Industrial capitalism)

19મી સદીના શરૂઆતના દશકાઓમાં વેપારી યુગનું મૂડીવાદી યુગમાં પરિવર્તન થવા લાગ્યું. પોતાના પુસ્તક ''ધી વેલ્થ ઑફ નેશન્સ''માં આડમ સ્મિથે 1776માં વેપારી વિચારસરણીની સખત ટીકા કરી હતી. વળી, મૂડીવાદીઓ પણ આર્થિક ક્ષેત્રમાં રાજ્યની દરમિયાનગીરી સામે નારાજગી વ્યક્ત કરવા લાગ્યા, જોકે આ પહેલાની સદીઓમાં રાજ્યના ટેકાને લીધે જ વેપારી પ્રવૃત્તિઓ (સ્થાનિક તેમજ દરિયાપારની)નો વિકાસ થયો હતો. અઢારમી સદીથી વધતા જતા મૂડીવાદી ઉત્પાદનને વેપાર તેમજ ઉદ્યોગને રાજ્યની દરમિયાનગીરીથી મુક્ત કરવાની તેમજ તેને તેની રીતે વિકસવા દેવાની પ્રબળ હિમાયત કરી. મુક્ત વેપાર માટેની પ્રબળ રજૂઆતને કારણે બ્રિટિશ સંસદે પ્રથમ 1813માં અને ત્યાર બાદ 1833માં સંપૂર્ણપણે બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વેપારી ઇજારો રદ કર્યો. 1832ના સુધારક ધારા પછી નવા મૂડીદાર વર્ગની બ્રિટિશ સંસદ પરની લાગવગ વધી અને પરિણામે મિલકત ધરાવતા બ્રિટનના નાગરિકને મતાધિકાર મળ્યો.

વિશ્વમાં આગેવાન ઔદ્યોગિક મૂડીવાદી દેશ તરીકે બ્રિટનની પ્રતિષ્ઠા સ્થપાતા, તેણે પહેલાની વેપારી નીતિ-રીતિઓનો ત્યાગ કર્યો, 1849માં પહેલાની નૌયાનના કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા. બ્રિટિશ યંત્રોની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો. છેવટે અનાજને લગતા કાયદા પણ રદ કરવામાં આવ્યા, જે જમીનદારોની લાગવગ ઘટી હોવાના સૂચક હતા. અનાજના કાયદા બ્રિટિશ જમીનદારોનાં હિતોના રક્ષણ માટે બ્રિટનમાં અનાજની આયાતની મનાઈ કરતા હતા. આમ, 19મી સદીના મધ્ય ભાગ સુધીમાં મુક્ત વેપારની નીતિની સફળતાને લીધે વેપારી યુગમાંથી ઔદ્યોગિક યુગમાં પરિવર્તન સંપૂર્ણ બન્યું.

19મી સદીના ઉત્તરાર્ધમાં યુરોપના અન્ય દેશોએ બ્રિટનની ઔદ્યોગિક નીતિનું અનુસરણ કર્યું, પરંતુ દરેક દેશના ઔદ્યોગિકીકરણની અમુક ખાસિયાતો તથા મર્યાદાઓ હતી. વળી, યુરોપના અન્ય દેશોમાં ઔદ્યોગિકીકરણ એકસરખું ન હતું. પૂર્વ યુરોપના ઘણાખરા દેશોમાં 19મી સદીના અંત સુધી પરંપરાગત સામંતશાહી માળખું મોટે ભાગે ચાલુ રહ્યું.

**તમારી પ્રગતિ ચકાસો - 3**

1. ઇંગ્લૅન્ડ વિશ્વનો પ્રથમ ઔદ્યોગિક દેશ બન્યો તે માટેનાં પરિબળોનું 100 શબ્દોમાં વિવરણ કરો.

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

2. રાજ્યસંચાલિત વેપાર પર ઔદ્યોગિક ક્રાન્તિની કેવી અસર થઈ ?

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

3. નીચેનાં વાક્યોમાં ખરાં (✓) કે ખોટાં (✗)ની નિશાની કરો :
   (i) ખેતરો ફરતી વાડબંધી કરવાની ચળવળથી ઘણા ખેડૂતો ભૂમિહીન બન્યા.
   (ii) વસ્તીવધારાથી હંમેશા આર્થિક વિકાસ થતો નથી.
   (iii) ઔદ્યોગિક ક્રાન્તિને પરિણામે ઇંગ્લૅન્ડના કાપડઉદ્યોગમાં ખાસ કોઈ ફેરફાર થયો નહિ.
   (iv) ઔદ્યોગિક ક્રાન્તિને લીધે મજૂરવર્ગને નોંધપાત્ર લાભ થયો.
   (v) મુક્ત વેપાર એટલે કે રાજ્યની આર્થિક બાબતમાં દરમિયાનગીરી નહિ.

## 6.12 સારસંક્ષેપ (Conclusion)

યુરોપમાં 14 તથા 15મી સદીમાં સામંતશાહી પ્રથામાં કટોકટી સર્જાયા બાદ મૂડીવાદી પદ્ધતિનો ઉદય થયો. પૂર્વ યુરોપમાં સામંતો પ્રબળ હતા તેમજ ખેતમજૂરોની પ્રથા ચાલુ હતી ત્યારે પશ્ચિમ યુરોપમાં શક્તિશાળી રાજાઓના શાસન હેઠળ રાષ્ટ્રીય રાજ્યો રચાયાં. આ પછી ભૌગોલિક શોધખોળો, દરિયાપારના દેશોમાં વિસ્તાર તથા સંસ્થાનોની સ્થાપના થઈ. વેપારમાં ક્રાન્તિ તથા બજારના વિસ્તારથી વેપારી વર્ગ સમૃદ્ધ બન્યો તથા દ્રવ્યનું અર્થકારણ શરૂ થયું. પુનરુત્થાન, ધર્મસુધારણા તથા વૈજ્ઞાનિક શોધોથી મધ્યયુગનો અંત આવ્યો. આનાથી યુરોપની સમાજ તેમજ રાજ્યવ્યવસ્થામાં આધુનિક પરિવર્તનો થયાં.

દ્રવ્યના એકત્રીકરણ તેમજ બજારમાં તેના રોકાણથી યુરોપના દેશો વચ્ચે માત્ર આંતરિક જ નહિ, પરંતુ દરિયાપારના દેશોમાં પણ વેપારી તેમજ સંસ્થાનો સ્થાપવાની હરીફાઈ શરૂ થઈ તેમજ તેમાંથી સંઘર્ષો થયા, પરિણામે અલ્પવિકસિત દેશો યુરોપના વિકસિત દેશોના સંસ્થાનો બન્યા. ઇંગ્લૅન્ડમાં આધુનિક સમાજ તેમજ રાજ્યવ્યવસ્થાના આવિર્ભાવથી તે પોતાના અન્ય હરીફો સાથેના સંઘર્ષોમાં આખરે વિજયી બન્યું. ઇંગ્લૅન્ડમાં સૌપ્રથમ ઔદ્યોગિક ક્રાન્તિ થઈ, પરિણામે ત્યાં સૌપ્રથમ વેપારી મૂડીવાદી યુગનો અંત આવ્યો અને ઔદ્યોગિક મૂડીવાદનો યુગ શરૂ થયો.

પછીથી યુરોપના અન્ય દેશોમાં પણ વેપારી-મૂડીવાદી યુગને બદલે ઔદ્યોગિક મૂડીવાદનો પ્રારંભ થતા સંસ્થાનો સ્થાપવાની અને જાળવવાની પ્રવૃત્તિ વિસ્તરી. મૂડીના વધારા સાથે વધારે સંસ્થાનો મેળવવાની પ્રવૃત્તિ પણ વધી. આમાં સૌથી મહત્ત્વનાં સંસ્થાનો ભારતમાં સ્થપાયાં, જે યુરોપીય સત્તાઓના ભારે આર્થિક લાભને લીધે હરીફાઈઓ તેમજ સંઘર્ષોનાં સાધન બન્યાં.

## 6.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. વિભાગ 6.1 જુઓ.
2. વિભાગ 6.2 જુઓ.
3. વિભાગ 6.3 જુઓ.
4. વિભાગ 6.4 જુઓ.
5. (i) ખોટું (ii) ખરુ (iii) ખોટું (iv) ખરું (v) ખોટું (vi) ખરું

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વિભાગ 6.5 જુઓ.
2. વિભાગ 6.5 જુઓ.
3. વિભાગ 6.7 જુઓ.
4. (i) વિભાગ 6.6 જુઓ.

(ii) વિભાગ 6.7 જુઓ.

(iii) વિભાગ 6.6 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - 3**

1. વિભાગ 6.10 જુઓ.
2. વિભાગ 6.11 જુઓ.
3. (i) ખોટું (ii) ખરુ (iii) ખોટું (iv) ખોટું (v) ખરું

## 6.14 ચાવીરૂપ શબ્દો

**માનવતાવાદ :** તર્કશુદ્ધતા પ્રમાણે કાર્ય કરવાની વ્યક્તિની શક્તિ અંગેની માન્યતા

**વ્યક્તિવાદ :** આર્થિક તેમજ રાજકીય ક્ષેત્રે જાતિ કે રાજ્યને બદલે વ્યક્તિના હિસ્સા પર ભાર મૂકતી માન્યતા

**વેપારી મૂડીવાદ :** વેપારીઓના આધિપત્ય હેઠળ હોય તેવી મૂડીવ્યવસ્થા

**ઔદ્યોગિક મૂડીવાદ :** ઉદ્યોગપતિઓના પ્રભાવ હેઠળ હોય તેવી મૂડીવ્યવસ્થા

# એકમ : 7 યુરોપની સાંસ્થાનિક સત્તાઓ (European colonial Powers)

**રૂપરેખા**

7.0 હેતુઓ અને પ્રસ્તાવના
7.1 વિષયપ્રવેશ
7.2 આફ્રિકા તથા અમેરિકામાં સંસ્થાનોની સ્થાપના
7.3 એશિયામાં સંસ્થાનો, ફિરંગીઓની પહેલ
7.4 ફિરંગીઓના સાંસ્થાનિક સામ્રાજ્યની પડતી
7.5 વલંદા (ડચ)નો ઉદય
7.6 અંગ્રેજ કંપનીનો વિજય
7.7 અંગ્રેજોની ફિરંગીઓ તથા વલંદાઓ સામે હરીફાઈ
7.8 ફ્રેન્ચોની સાંસ્થાનિક મહત્ત્વાકાંક્ષા
7.9 યુરોપીય વેપારની પદ્ધતિ તથા તેનું માળખું
7.10 ભારતની જીત
7.11 ઔદ્યોગિક મૂડીવાદ અને સામ્રાજ્યવાદ
7.12 સારસંક્ષેપ
7.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
7.14 મહત્ત્વના શબ્દો
7.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 7.0 હેતુઓ અને પ્રસ્તાવના (Objectives and Introduction)

આ એકમમાં યુરોપીય કંપનીઓની વિશેષતઃ એશિયા તથા ભારત સાથેની વેપારી પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતોની જાણકારી મળશે.

(i) યુરોપીય પ્રજાઓએ કંપનીઓની રચના દ્વારા પૂર્વના દેશોમાં વેપારી પ્રવૃત્તિઓનો કરેલો વિસ્તાર.
(ii) પૂર્વના દેશોમાં ફિરંગીઓ વલંદાઓ, અંગ્રેજો તથા ફ્રેન્ચોના વેપારી સામ્રાજ્યનો વિકાસ.
(iii) યુરોપમાં મૂડીવાદના ઉદયના સંદર્ભમાં પૂર્વના દેશો સાથેના વેપારનું સ્વરૂપ અને તેની પદ્ધતિઓ.
(iv) યુરોપીય પ્રજાઓનું વેપારીઓમાંથી સાંસ્થાનિક સત્તાઓનાં રૂપાંતર.
(v) પૂર્વના દેશોમાં અને ભારતમાં યુરોપીય સાંસ્થાનિક સત્તાઓ વચ્ચે હરીફાઈઓ તથા સંઘર્ષો અને તેમાં છેવટે અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો વિજય.

છઠ્ઠા એકમમાં યુરોપમાં 15મી સદીથી 19મી સદીના મધ્ય ભાગ સુધી થયેલા ફેરફારોનું વિવરણ કરવામાં આવ્યું છે. આ સમયગાળામાં યુરોપમાં ખેતી તેમજ ઉદ્યોગોને ક્ષેત્રે યાંત્રિક સાધનોના ઉપયોગથી વેપારના વિસ્તાર તેમજ બજારની પ્રાપ્તિમાં ભારે વધારો થયો અને સામંતશાહી અર્થ તેમજ સમાજવ્યવસ્થાનું મૂડીવાદી અર્થ તેમજ સમાજવ્યવસ્થામાં પરિવર્તન થયું. પરંતુ આ ફેરફારો માત્ર યુરોપ પૂરતા જ મર્યાદિત ન રહ્યા. 1500 બાદ યુરોપમાં થયેલ આર્થિક તેમજ સામાજિક પરિવર્તનની અસર વિશ્વના અન્ય દેશો પર પણ થઈ, કારણ કે મૂડીવાદી અર્થવ્યવસ્થા બજાર વિકસાવવાની અને વિશેષ નફો મેળવવાની પ્રક્રિયા પર આધારિત છે. મૂડીવાદને બજાર વિસ્તારવા માટે કાચા માલની પ્રાપ્તિ તથા પાકા માલના વેચાણની સતત જરૂર રહે છે. મૂડીના એકત્રીકરણ બાદ તેનું વધારે નફો મળે તેવી વેપારી પ્રવૃત્તિઓમાં રોકાણ થાય છે. આમ, મૂડીવાદી વેપારી પ્રવૃત્તિઓ અન્ય દેશોની અર્થવ્યવસ્થા, સમાજરચના તેમજ તેમની સંસ્કૃતિઓને પણ આવરી લે છે.

## 7.1 વિષયપ્રવેશ

યુરોપીય પ્રજાઓએ 15મી સદીમાં વિશ્વના અન્ય દેશોમાં જવાનું શરૂ કર્યું ત્યારથી પરિવર્તનની મહત્ત્વની પ્રક્રિયાની શરૂઆત થઈ. આનો અર્થ એમ નથી કે યુરોપીય પ્રજાઓને 15મી સદી પહેલા વિશ્વના અન્ય દેશો સાથે સંપર્ક ન હતો. ભારતને ખ્રિસ્તી વર્ષ શરૂ થયું તે પહેલા અને તે પછી પણ ગ્રીકો તથા રોમની સાથે વેપારી વ્યવહાર હતો. તે જ રીતે યુરોપિયનોનો ચીન તથા એશિયાના અન્ય દેશો સાથેનો સંપર્ક પણ પુરાણો હતો, જે મધ્ય યુગમાં પણ ચાલુ રહ્યો. ઇટાલીના વતની માર્કો પોલો (1254-1324) એ ચીનની કરેલી સફર અને પૂર્વની અદ્ભુત બાબતો તેમજ તેની અઢળક સંપત્તિનું કરેલું વર્ણન સુવિદિત છે. તેનાથી પૂર્વની સફરો કરવાની તેમજ તેની અખૂટ દોલત પ્રાપ્ત કરવાની યુરોપિયનોની મહત્ત્વાકાંક્ષા જાગૃત થઈ.

ઇટાલીના નગરરાજ્યોએ 12મી સદીથી પૂર્વ સાથેનો વેપારનો ઇજારો હસ્તગત કર્યો હતો. અગ્નિ એશિયા તથા ભારત સાથેનો ઇટાલી તેમજ યુરોપનો વેપાર કેટલાક જમીન તેમજ દરિયાઈ માર્ગો મારફત ચાલતો હતો. પૂર્વનો માલ એક માર્ગે ઈરાની અખાત થઈને ઇરાક તેમજ તુર્કસ્તાન લઈ જવાતો અને ત્યાંથી આ માલ જમીનમાર્ગે જીનિવા તથા વેનિશ પહોંચાડવામાં આવતો. બીજા માર્ગે માલ રાતા સમુદ્રમાં થઈને

ઇજિપ્તમાં એલેક્ઝાન્ડ્રિયા બંદરે લવાતો, પરંતુ તે સમયે સુએઝ નહેર ન હતી એટલે પછીથી ભૂમધ્ય સમુદ્ર મારફત તે માલ ઇટાલીના શહેરોમાં પહોંચતો કરાતો. ત્રીજો ભાગ્યે જ વપરાતો જમીનમાર્ગ મધ્ય એશિયામાં થઈને રશિયા તેમજ બાલ્ટિક સુધી જતો.

## 7.2 આફ્રિકા તથા અમેરિકામાં સંસ્થાનોની સ્થાપના (Colonies in Africa and America)

જમીન કમ જળમાર્ગની કેટલીક મુશ્કેલીઓ હોવાથી યુરોપના સાહસિકો પૂર્વ તરફના નવા જળમાર્ગની શોધ છેક 15મી સદીથી કરતા હતા. આવો પ્રથમ પ્રયાસ ફિરંગીઓ (પોર્ટુગીઝો)એ આફ્રિકાના પશ્ચિમ કિનારેથી કર્યો. ઇટાલી સાથેની વેપારી હરીફાઈ, સાહસિકતા ધર્મપ્રચારની ભાવના, પુનર્જાગૃતિએ ફેલાવેલી નવી હવા વગેરેએ યુરોપના સંશોધકોને ભારત તેમજ પૂર્વ તરફનો નવો દરિયાઈ માર્ગ શોધવા પ્રેર્યા. વળી, 1453માં ઓટોમન તુર્કોએ કૉન્સ્ટન્ટીનોપલ કબજે કરતા યુરોપિયનો માટે તે માર્ગ બંધ થઈ ગયો, આથી પણ તેમને નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી, કારણ કે પૂર્વના તેજાના તેમજ અન્ય વસ્તુઓ વેપારમાંથી યુરોપીય વેપારીઓને મળતો પુષ્કળ નફો ચાલુ રાખવાની આવશ્યકતા હતી.

ફિરંગીઓ તથા સ્પેનના સાહસિકોના આ દિશાના પ્રયત્નો સફળ થયા, એટલે 16મી સદીના મધ્ય ભાગમાં ભારત પ્રતિના નવા જળમાર્ગો શોધાયા. એટલું જ નહિ, પરંતુ એક નવો ખંડ પણ શોધી કાઢવામાં આવ્યો અને ત્યાં સંસ્થાનો પણ સ્થાપવામાં આવ્યાં. ત્યાર બાદ યુરોપીય પ્રજાઓએ જળમાર્ગો મારફત વિશ્વના ઘણાખરા દેશોમાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યા તથા 18મી સદીના અંતે તો વિશ્વના ત્રીજા ભાગના પ્રદેશો પર પોતાનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપ્યું હતું. આટલાન્ટિક મહાસાગર ઓળંગીને સ્પેન તથા પોર્ટુગલે દક્ષિણ અમેરિકામાં પોતાનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપ્યું હતું, જ્યારે યુરોપની અન્ય પ્રજાઓએ ઉત્તર અમેરિકામાં પોતાની વસાહતો સ્થાપી હતી. અગાઉના અમેરિકામાંનાં બ્રિટિશ સંસ્થાનોમાંથી સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા નામે નવું સ્વતંત્ર રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું હતું (1776). ઉત્તર તથા દક્ષિણ અમેરિકાની વચ્ચેના પ્રદેશોમાં આવેલા કેરિબિયન ટાપુઓ પર સ્પેન, ફ્રાન્સ તથા બ્રિટનનો કબજો હતો.

અમેરિકાના પ્રદેશોની વસાહતો તેમજ જીતથી વિકસતી જતી યુરોપીય સાંસ્થાનિક સત્તાઓને અઢળક નફો પ્રાપ્ત થયો. સંસ્થાનો ગૃહ સરકારો સાથે પરાધીન સ્થિતિમાં જોડાયેલાં હતાં, એટલે તેમનો વિકાસ ધીમો તથા અવ્યવસ્થિત હતો. આ સ્થિતિમાં સંસ્થાનો પોતાના ઝડપી તેમજ વ્યવસ્થિત વિકાસ માટે પ્રયત્નો કરતાં હતાં અને ગૃહ સરકાર સામે વિરોધ પણ વ્યક્ત કરતાં હતાં. વસાહતી સામ્રાજ્યને લીધે સ્થાનિક સંસ્કૃતિઓને ભારે નુકસાન પહોંચ્યું હતું. દા.ત., સ્પેને પોતાની સંસ્કૃતિ સંસ્થાનોમાં ફેલાવવા દક્ષિણ અમેરિકાની બે ભવ્ય પ્રાચીન સંસ્કૃતિઓ - ઇન્કાસ તથા આઝટેકનો નાશ કર્યો હતો.

ગુલામોની સખત મજૂરીથી વિકસાવવામાં આવતા ખેતરો-બગીચાઓ સંસ્થાનોની આર્થિક સમૃદ્ધિનાં સાધન બન્યાં. અમાનવીય પરિસ્થિતિમાં અમેરિકાની ખાણો શેરડી, કપાસ અને તમાકુનાં ખેતરોમાં કામ કરતા ગુલામોથી સંસ્થાનવાસીઓને ઘણી સસ્તી મજૂરી પ્રાપ્ત થતી હતી. એક અંદાજ પ્રમાણે દોઢ કરોડથી પાંચ કરોડ આફ્રિકનોને ગુલામો તરીકે અમેરિકામાં લાવવામાં આવ્યા હતા. અમેરિકાના પ્રદેશોના નવા પાકોથી યુરોપ ખૂબ સમૃદ્ધ બન્યું હતું. કોકા, ટમેટા, મકાઈ, વટાણા, તમાકુ વગેરેના વેપારથી યુરોપના વેપારીઓને ભારે નફો મળતો. પેડ્રો-દ-સીએઝા-દ-લીઓન નામના સ્પેનિશ સૈનિકે કોલમ્બિયાની ખીણમાં બટાકાનું વાવેતર શોધી કાઢ્યું. (1538) જે યુરોપમાં 1588માં પ્રચલિત થયું.

આમ, યુરોપમાં મકાઈની સાથે બટાટાનો ખોરાક તરીકે ઉપયોગ શરૂ થતાં 18મી સદીમાં યુરોપની વધતી જતી વસ્તીનો અન્નનો પ્રશ્ન હલ થયો. આનાથી દુષ્કાળોનું જોખમ પણ ઓછું થયું. યુરોપમાં વધતાં જતાં ઉદ્યોગો, વેપાર તથા યુદ્ધો માટે જોઈતા ધનનો જથ્થો મેળવવા માટે અમેરિકામાંથી સોના-ચાંદીની પુષ્કળ પ્રમાણમાં આયાત કરવામાં આવી. તેનાથી પણ યુરોપની આર્થિક સમૃદ્ધિમાં ઘણો વધારો થયો.

## 7.3 એશિયામાં સંસ્થાનો - ફિરંગીઓની પહેલ (Colonies in Asia by the Portieguese)

અમેરિકામાં જે રીતે યુરોપીય સત્તાઓએ સીધું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થાપ્યું હતું, તે રીતે તેઓ પૂર્વીય દેશોમાં કરી શક્યા ન હતા. તેઓ પ્રાદેશિક સામ્રાજ્ય પૂર્વીય દેશોમાં મોડું સ્થાપી શક્યા, જોકે તેમની ચઢિયાતી નૌકાશક્તિ તેમજ બંદૂકના દારૂના ઉપયોગથી તેઓ દરિયાઈ વિસ્તારો પર કાબૂ મેળવી શક્યા હતા. ભારતનાં સંસ્થાનોના ફિરંગી ગવર્નર આલ્બુકર્કે રાજાને 1513માં લખ્યું કે તેમનાં વહાણો આવતાં જોઈને ભારતીય વહાણો અદશ્ય થઈ ગયા હતા અને પક્ષીઓ પણ પાણીમાં અવાજો કરતા બંધ થઈ ગયા હતા.

જ્યારે વાસ્કો-દ-ગામા કેપ ઑફ ગુડ હોપ થઈને કાલિકટ બંદરે પહોંચ્યો (1498), ત્યારે ભારતના યુરોપ સાથેના વેપારનો નવો યુગ શરૂ થયો. લિસ્બનથી કાલિકટની દરિયાઈ સફરમાં 10 મહિના અને 14 દિવસ લાગ્યા. ભારતમાં આવવવાનો ફિરંગીઓનો હેતુ સ્પષ્ટ કરતા વાસ્કો-દ-ગામાએ કાલિકટના ટ્યુનિસ વેપારીઓને જણાવ્યું કે તેઓ ભારતમાં તેજાના તથા ખ્રિસ્તી મેળવવા આવ્યા હતા. ફિરંગીઓ તેના પ્રથમ

હેતુમાં તુરત સફળ થયા, કારણ કે વાસ્કો-દ-ગામા પોતાની વળતી સફરમાં તેજાના ભરીને જે માલ લઈ ગયો તેની યુરોપનાં બજારોના 60 ગણી કિંમત ઊપજી.

આ સમયે હિન્દી મહાસાગરમાં આરબોનો વેપારી ઇજારો હતો, પરંતુ ફિરંગીઓએ ભારતમાં આવ્યા બાદ ફક્ત 15 વર્ષમાં જ આરબોનો આ ઇજારો સંપૂર્ણપણે નષ્ટ કર્યો. આ માટે ફિરંગીઓએ લૂંટ, આરબ વહાણો તેમજ ખલાસીઓ પર હુમલા તેમજ અન્ય દમનકારી નીતિઓ અપનાવી હતી. પોર્ટુગલના રાજા મેન્યુઅલ પહેલાએ 1501માં જાહેર કર્યું કે તે ઇથિઓપિયા, અરબસ્તાન, ઈરાન તથા હિન્દના વેપાર તેમજ વહાણવટાનો કબજો ધરાવનાર સમ્રાટ હતો.

ફિરંગીઓએ એશિયા પરની પોતાની ચઢિયાતી દરિયાઈ શક્તિ જાળવી રાખવા અને વિકસાવવા તેમજ પોતાનો વેપાર વધારવા તથા પોતાના નૌકાકાફલાનું રક્ષણ કરવા દરિયાકિનારે કેટલાંક વેપારી મથકો બાંધ્યાં હતાં. આ માટે આફ્રિકાના કિનારા પર પણ તેઓએ અંકુશ રાખ્યો હતો. પરંતુ તેમને પ્રતીતિ થઈ કે વિના વિરોધે ભારતના દરિયાકિનારે વેપારી મથકો બાંધી શકાય તેમ નથી. જ્યારે કાલિકટના રાજા ઝામોરીને પોતાના બંદરેથી આરબ વેપારીઓને રુખસદ આપવાનો ઇન્કાર કર્યો, ત્યારે ફિરંગીઓએ કાલિકટ પર બૉમ્બમારો કર્યો. દરમિયાન કાલિકટના રાજા તથા કોચીનના રાજા વચ્ચેના વિખવાદનો લાભ લઈને ફિરંગીઓએ કોચીનના રાજા પાસેથી મલબાર કિનારે એક બંદર મેળવ્યું (1509). ઇજિપ્તના સુલતાને મોકલેલ નૌકાકાફલાને પરાજય આપીને ફિરંગીઓએ દીવ જીતી લીધું. 1510માં જિતાયેલ ગોવા પછીથી ભારતમાંની પોર્ટુગીઝ સત્તાનું મુખ્ય કેન્દ્ર બન્યું. સ્પેનના રાજા ચાર્લ્સ પાંચમાએ ફિલિપાઇન સિવાયના પૂર્વના પ્રદેશોમાં તેમજ હિન્દી મહાસાગરના વિસ્તારમાં રસ લેવાનું બંધ કર્યું, ત્યારે પૂર્વના પ્રદેશો પરના વેપારમાં સોળમી સદીથી ફિરંગીઓની સંપૂર્ણ ઇજારાશાહી સ્થપાઈ.

તેજાનાની ખૂબ જ નફાકારક વેપાર પરની ઇજારાશાહીથી ફિરંગીઓ પુષ્કળ દ્રવ્ય કમાયા (1506). આ માટે તેઓ ચાંચિયાગીરીનો તેમજ દમનકારી નીતિનો પણ આશ્રય લેતા. દા.ત., ફિરંગી વિસ્તારવાળા દરિયામાંથી પસાર થતાં ભારતીય વહાણોએ ગોવાના ફિરંગી-ગૈવર્નર પાસેથી પાસ મેળવવો પડતો તથા તે માટે રકમ આપવી પડતી, આમ ન કરનાર ભારતીય વહાણને જપ્ત કરીને લૂંટી લેવામાં આવતું. ભારતીય દરિયાકિનારા પર ફિરંગીઓનું વર્ચસ્વ સ્થપાયાનું મૂળ કારણ મુઘલ બાદશાહો પાસે દરિયાઈ શક્તિનો અભાવ હતો. વળી, ભારતનો દક્ષિણ પ્રદેશ મુઘલ સત્તાની પ્રત્યક્ષ અસર તળે ન હતો, એટલે ફિરંગીઓને ત્યાં સત્તા સ્થાપવાનું સરળ બન્યું. વળી, ફિરંગીઓ પોતાનાં વહાણોમાં એશિયાના દેશોમાં જુદોજુદો માલ પહોંચાડતા. જેમકે તેઓ ભારતનું કાપડ સિયામમાં, મલાક્કાના તજ ચીનમાં, ઈરાનના ગાલીચા ભારતમાં તથા તાંબુ અને ચાંદી જાપાનમાંથી ચીનમાં પહોંચાડતા. આમાં પણ તેમને ભાડા પેટે પુષ્કળ દ્રવ્ય મળતું.

## 7.4 ફિરંગીઓના સાંસ્થાનિક સામ્રાજ્યની પડતી (The Decline of the Portuguese Empire)

આમ છતાં 17મી સદીના શરૂઆતના દશકાઓથી પૂર્વજોનું ફિરંગીઓનું ઘણુંખરું સાંસ્થાનિક સામ્રાજ્ય વિલિન થઈ ગયું અને તેને સ્થાને અમુક વિસ્તારોમાં ડચો (વલંદાઓ)નું તથા બાકીના પ્રદેશોમાં બ્રિટનનું સાંસ્થાનિક સામ્રાજ્ય સ્થપાયું. આ માટે કેટલાંક પરિબળો જવાબદાર હતાં. 1580માં પોર્ટુગલનું સ્પેનના રાજા સાથે જોડાણ થયું અને પછીથી સ્પેનની પડતી સાથે તેની પણ પડતી થઈ. અંગ્રેજો સાથેના 1588ના નૌકાયુદ્ધમાં સ્પેનના નૌકાકાફલાનો પરાજય થયો. વળી, પોર્ટુગલમાં જમીનદાર વર્ગનું સમાજ તથા રાજ્ય પર વર્ચસ્વ હતું તથા વેપારી વર્ગનું પ્રભુત્વ ન હતું, તેનાથી પણ પોર્ટુગલના દરિયાઈ વેપારમાં કેટલાંક વિઘ્નો ઊભા થયાં. રાજા આપખુદ હતો, ફિરંગીઓ ધર્માંધ હતા અને પોતાના વિસ્તારોમાં ફરજિયાત ધર્માન્તર કરાવતા હતા.

તેમના દરિયાકિનારાનાં મથકો માત્ર વેપારી કેન્દ્રો હતાં. તેમાં પૂરતો સ્ટાફ ન હતો. તેમજ તેમનામાં રાજકીય સત્તા સ્થાપવાની ક્ષમતા ન હતી. ફિરંગીઓને માત્ર પોતાની વેપારી ઇજારાશાહી જાળવવામાં જ તથા તેમાંથી વધારે નફો મેળવવામાં જ રસ હતો.

તેમનાં વહાણો તેમજ વહાણવટીમાં પણ ઓટ આવી. 1500થી 1549ની વચ્ચે લિસ્બનથી ગોવા 451 વહાણો જતાં, 1700થી 1750ની વચ્ચે તેની સંખ્યા 112ની થઈ અને 1750થી 1800ની વચ્ચે તે ઘટીને માત્ર 70ની થઈ. આ પણ ફિરંગીઓની પડતીનું એક મહત્ત્વનું કારણ હતું.

છેવટે તેમનાં જૂજ મથકો બાકી રહ્યાં. પૂર્વ આફ્રિકામાં થોડા ભારતમાં દીવ, દમણ અને ગોવા (જેનો 1961માં અંત આવ્યો), હવે માત્ર તીમોર અને મેકેઓનાં ફિરંગી મથકો જળવાઈ રહ્યાં છે.

## 7.5 વલંદા (ડચ)નો ઉદય (The Rise of the Dutch)

સ્પેન સાથેના જોડાણ બાદ ફિરંગી સત્તા વિલિન થયા પછી સત્તરમી સદીના મધ્ય ભાગમાં ડચ (વલંદા) પ્રબળ બન્યા. પૂર્વમાંથી લિસ્બન બંદરે લવાતો માલ એન્ટવર્પ બંદર લાવીને તથા ત્યાંથી યુરોપની બજારોમાં મોકલીને વલંદાઓ 16મી સદીથી જ પોતાની ચઢિયાતી વેપારી તેમજ નૌયાન શક્તિ સિદ્ધ કરતા હતા.

વલંદાઓએ વહાણવટા તેમજ વેપારમાં નવી પદ્ધતિઓ દાખલ કરી હતી. 17મી સદીમાં તેઓએ નવા પ્રકારનાં વહાણો બાંધ્યાં હતાં, જે વહાણવટા માટે ઉત્તમ સાબિત થયાં હતાં, તે વજનમાં હલકાં હતાં અને ઓછા ખલાસીઓથી તેમજ વધારે ઝડપથી હંકારી શકાતાં એટલે ઓછી ઝડપથી ચાલતાં તથા ભારે વજનનાં ફિરંગી વહાણોનું મહત્ત્વ ઘટ્યું. વળી, નેધરલૅન્ડ પરના સ્પેનના કબજાથી વલંદાની રાષ્ટ્રીય ભાવનાને આઘાત લાગ્યો હતો, એટલે તેઓએ ફિરંગીઓ સાથે દરિયાઈ હરીફાઈ કરીને તેમને વિશેષતઃ તેજાનાના દરિયાઈ વેપારમાં મહાત કર્યા.

1602માં ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઈ. તેની સરકાર તરફથી તેને મથકો સ્થાપવા, તેમની કિલ્લેબંધી કરવા, યુદ્ધો કરવા તથા સંધિઓ કરવાનો પરવાનો આપવામાં આવ્યો. જોકે શરૂઆતમાં ડચોને અગ્નિ એશિયાના દેશોના તેજાનાના વેપારમાં વધારે રસ હતો; પરંતુ તેમને અનુભવે જણાયું કે અગ્નિ એશિયાના દેશોમાં ભારતીય કાપડની ભારે માગ હતી, એટલે ભારત સાથેનો વેપાર પણ આવશ્યક હતો, જેથી ભારતીય કાપડના બદલામાં અગ્નિ એશિયાના દેશોમાંથી તેજાનાનો વેપાર સુલભ બને અને તેના મરી-તેજાનાને ભારતની બજાર પણ મળે.



પશ્ચિમ ભારતમાં ગુજરાતમાં તથા પૂર્વમાં કોરોમંડલના કિનારાના પ્રદેશમાં સારી જાતના સુતરાઉ કાપડનું ઉત્પાદન થતું હતું. પૂર્વ ભારતની ડચ વસાહતોના પછીથી ગવર્નર જનરલ બનેલા હેન્ડ્રીક લોવરે કોરોમંડળ કિનારાનું મલાક્કાના એક અગત્યના અંગ તરીકે વર્ણન કરેલું છે. ગોલકોંડાના રાજા તરફથી મસુલીપટ્ટમમાં વેપારી મથક સ્થાપવાનો ડચોને પરવાનો મળ્યો (1606). પછીથી ડચોએ નાગાપટ્ટમ મદ્રાસ, કોચીન, ખંભાત, ભરૂચ તથા સુરતમાં વેપારી મથકો સ્થાપ્યાં. આ ઉપરાંત, તેઓને બંગાળમાં ચિનસુરા, ઉત્તર પ્રદેશમાં આગ્રા તથા બિહારમાં પટણામાં પણ મથકો સ્થાપ્યાં.

તેઓએ ગળી, સુરોખાર, અફીણ, કાચું રેશમ, સુતરાઉ કાપડ વગેરેના વેપારથી ફિરંગીઓના હાથમાંથી એશિયા સાથેનો વેપાર પોતાને હસ્તગત કરી લીધો. વિશેષમાં ડચોએ ફિરંગીઓના મલબાર કિનારા પરનાં વેપારી મથકો તેમજ તેમના શ્રીલંકા સાથેના એલચીના વેપારને પણ ભારે ફટકો લગાવ્યો. ડચોએ 1641માં મલાક્કા 1655-56માં કોલમ્બો તથા 1659-63માં કોચીન કબજે કર્યાં. આમ, ડચો ભારતમાંથી ઘણા ફિરંગી મથકોને તેમજ તેમના વેપારને નાબૂદ કરવામાં સફળ રહ્યા પરંતુ આ દરમિયાન તેમને અંગ્રેજો જેવા શક્તિશાળી હરીફોનો સામનો કરવો પડ્યો.

## 7.6 અંગ્રેજ કંપનીનો વિજય (The Success of the English)


બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને રાજાશાહી ફરમાનથી 15 વર્ષ માટે પૂર્વના દેશો સાથે વેપાર કરવાનો ઇજારો આપવામાં આવ્યો (1600), ડચ કંપનીની સધ્ધર નાણાકીય સ્થિતિના પ્રમાણમાં શરૂઆતમાં અંગ્રેજ કંપનીની નાણાકીય સ્થિતિ મર્યાદિત હતી, એટલે ભારત તરફની તેની પ્રથમ દરિયાઈ સફર વખતે તે ડચ કંપની કરતાં નાણાભંડોળ ઓછું એકઠું કરી શકી. આમ છતા શૅરહોલ્ડરો મારફત પ્રતિવર્ષ તેનું ચૂંટાતું 25 સંચાલકોનું મંડળ તેના સાદા સંગઠનનું પ્રતીક હતું.

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ તેની શરૂઆતની સફરોમાં અગ્નિ એશિયાના દેશો સાથે તેજાના-વિશેષતઃ મરીના વેપાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ વેપારમાં પ્રથમ બાર વર્ષમાં તેને દર વર્ષે 20 ટકાના દરે નફો મળ્યો. 1611થી 1615 વચ્ચેની સફરોમાં કંપનીને મૂળ રોકાણ પર 214 ટકા જેટલો નફો મળ્યો. આમ છતાં બ્રિટિશ ઈસ્ટ કંપનીને તેજાનાના બદલામાં ભારતના સુતરાઉ કાપડના વેપારની અગત્ય સમજાતા

તેઓએ સુરતમાં વેપારી કોઠી સ્થાપવાનો નિર્ણય લીધો. આથી આ માટે પરવાનગી મેળવવા કેપ્ટન વિલિયમ હોકિન્સને મુઘલ સમ્રાટ જહાંગીર પાસે આગ્રા મોકલવામાં આવ્યો. આગ્રામા હોકિન્સે થોડો વખત ગાળ્યો, પરંતુ ફિરંગીઓના કાવાદાવાને લીધે તે જહાંગીર પાસેથી ગુજરાતમાં (સુરતમાં) વેપારી મથક સ્થાપવાની પરવાનગી મેળવી શક્યો નહિ. એટલે તેને પાછા ફરવું પડ્યું. આથી એ સ્પષ્ટ થયું કે મુઘલ સમ્રાટ પાસેથી પરવાનગી મેળવવા તેને ફિરંગીઓને મહાત કરવા પડશે. અંગ્રેજોએ સુરત પાસે સ્વાલીની લડાઈમાં ફિરંગી નૌકાકાફલાને પરાજય આપ્યો (1611). આથી જહાંગીરને અંગ્રેજોની શક્તિની ખાત્રી થઈ અને તેણે અંગ્રેજોને સુરત મુકામે વેપારી મથક સ્થાપવાની પરવાનગી આપી (1613). પૂર્વ કિનારે મસલીપટ્ટમમાં તો અંગ્રેજ કોઠી 1611માં સ્થાપવામાં આવી હતી. ત્યાર બાદ અંગ્રેજોને પશ્ચિમ કિનારે વધારે મથકો સ્થાપવાની પરવાનગી આપવામાં આવી.

ભારતમાં અંગ્રેજ વેપારી મથકોનો વિસ્તાર કરવા વધારે કોઠીઓ સ્થાપવાની પરવાનગી મેળવવા સર ટોમસ રોને મુઘલ રાજસભામાં મોકલવામાં આવ્યો. શાહી કૃપા મેળવવા ટોમસ રોને કાબેલિયત દાખવી. આથી ભારતમાં મુઘલ સામ્રાજ્યના કોઈ પણ વિસ્તારમાં અંગ્રેજોને વેપારી મથકો સ્થાપવાનો શાહી પરવાનો મળ્યો. દરમિયાનમાં અંગ્રેજ વહાણો એ ચાંચિયાગીરી કરીને ફિરંગી વહાણોને લૂંટ્યાં તથા હિન્દનાં વહાણોની અટકાયત કરીને તેમની પાસેથી પૈસા પડાવ્યા. આમ, અંગ્રેજોની વેપાર-પદ્ધતિ મુત્સદ્દીગીરી, ધમકી, કાવાદાવા, આક્રમણ તેમજ આજીજીમિશ્રિત હતી. 1620ના અંગ્રેજોના ફિરંગીઓ સાથેના નૌકાયુદ્ધમાં અંગ્રેજોનો વિજય થયો. પરિણામે ફિરંગીઓની પડતી થઈ અને મુઘલો સાથે તેમને સંઘર્ષ થતા મુઘલ સૈનિકોએ ફિરંગીઓને હુગલીમાંથી કાઢી મૂક્યા (1633).

ફિરંગીઓની પડતી થતા અંગ્રેજોએ ભારતના જુદાજુદા વિસ્તારોમાં વેપારી થાણાં સ્થાપ્યાં. સુરત તથા મસુલીપટ્ટમ ઉપરાંત ભરૂચ તથા અમદાવાદમાં પણ અંગ્રેજ મથકો સ્થાપવામાં આવ્યાં (1623). આમ છતાં મથકોને કિલ્લેબંધી નહિ હોવાથી કંપનીને - બિનસલામતી લાગી. વળી, ભારતના રાજાઓને તેને આપવા પડતાં કરોથી પણ તે નારાજ હતી. મધ્યસ્થ ભારતીય એજન્ટોને પણ કંપનીને નાણાં ચૂકવવા પડતા. આથી કંપની પોતાનાં મથકો તેમજ સંગઠનનું પુનર્ગઠન કરીને વધારે નફો કરીને સદ્ધર બનવા ઇચ્છતી હતી.



1625માં સુરતના પોતાના વેપારી મથકની કિલ્લેબંધી કરવાનો પ્રયત્ન કરીને અંગ્રેજ કંપનીએ પ્રાદેશિક તથા સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાનાં મૂળ નાખ્યા. 1623માં ડચ લોકોએ અંગ્રેજોને ઇન્ડોનેશિયામાંથી હાંકી કાઢ્યા હતા, એટલે હવે તેઓ ભારતમાં પ્રાદેશિક સત્તા થવા પ્રયાસ કરતા હતા, પરંતુ મુઘલ વહીવટીતંત્રે

અંગ્રેજોને કારાવાસમાં પૂરીને સુરતની કિલ્લેબંધી કરવાના તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. આથી મુઘલો સાથેનો સંઘર્ષ નિવારવા અંગ્રેજોએ દક્ષિણનાં નાનાં રાજ્યો તેમજ પોતાનાં વેપારી મથકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. દક્ષિણમાં 1565માં મુસ્લિમ રાજ્યો સાથેના વિગ્રહમાં મહાન વિજયનગર સામ્રાજ્યનું વિલિનીકરણ થયું હતું અને પરિણામસ્વરૂપ નાનાં-નબળાં રાજ્યોનો ઉદય થયો હતો.

અંગ્રેજોએ સ્થાનિક રાજા પાસેથી ભાડાપટ્ટા પર 1639માં મદ્રાસ મેળવ્યું. મદ્રાસ બંદર હતું, એટલે તેમાંથી મળનાર જકાતી આવકમાંથી અર્ધી રકમ રાજાને આપવાનું અંગ્રેજોએ સ્વીકાર્યું. આના બદલામાં મદ્રાસના મથકની કિલ્લેબંધી કરવાનો તથા પોતાના સિક્કા પાડવાનો હક અંગ્રેજોએ રાજા પાસેથી મેળવ્યો. અંગ્રેજોએ ત્યાં કોઠી સ્થાપી તથા તેની આસપાસ સેંટ જ્યૉર્જ ફોર્ટ નામે કિલ્લો બાંધ્યો - 1662માં ઇંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ બીજાએ ફિરંગી રાજકુમારી સાથે લગ્ન કરતા, તેને દહેજમાં પોર્ટુગલ તરફથી મુંબઈ ટાપુ મળ્યો. ચાર્લ્સે તે બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને આપી દીધો, જેના ફરતી કંપનીએ કિલ્લેબંધી કરી (1665). મરાઠાઓના સુરત પર વધતા જતા હુમલાઓ તથા મુંબઈ જેવા સારા બંદરની પ્રાપ્તિથી ભારતના પશ્ચિમ કિનારે સુરતને બદલે મુંબઈ ટૂંક સમયમાં જ અંગ્રેજોનું મુખ્ય વેપારી મથક બન્યું.

1630 બાદ પૂર્વ ભારતમાં પણ અંગ્રેજ કંપનીનો પ્રભાવ વધવા માંડ્યો. ઓરિસ્સામાં બાલાસોરમાં 1633માં તથા બંગાળમાં હુગલીમાં 1651માં અંગ્રેજ કંપનીએ વેપારી મથકો સ્થાપ્યાં. ત્યાર બાદ બિહારમાં પટણામાં તથા બંગાળમાં ઢાંકા અને કાસીમ બઝારમાં અંગ્રેજ કંપનીનાં મથકો સ્થપાયાં. 1608માં બંગાળ, બિહાર, ઓરિસ્સા તથા કોરોમંડળ કિનારા (પૂર્વ કિનારા) પરનાં કંપનીનાં બધાં મથકોને મદ્રાસના સેન્ટ ફોર્ટ જ્યૉર્જના આધિપત્ય હેઠળ મૂકવામાં આવ્યાં.

પૂર્વ ભારતમાં અંગ્રેજ કંપનીને પોતાના વેપારની ચીજો જેવી કે સુતરાઉ કાપડ, રેશમ, ખાંડ અને સુરોખાર અંદરના વિસ્તારોમાંથી મેળવવી પડતી. ત્યાં તેમને જકાત તથા વેરા આપવા પડતા. કંપનીએ આમાંથી મુક્ત થવાના પ્રયત્નો કર્યા. પરિણામે અંગ્રેજ કંપની ભારતીય રાજાઓને દર વર્ષે નિશ્ચિત રકમ આપે તે શરતે 1651, 1656 તથા 1672ના શાહી ફરમાનોથી તેમને સ્થાનિક વેરાઓ તેમજ જકાતમાંથી મુક્તિ આપવામાં આવી. સમ્રાટ ઔરંગઝેબે કંપની પર જજિયાવેરો નાખ્યા બાદ 1680ના ફરમાનથી સુરત સિવાય મુઘલ સામ્રાજ્યના કોઈ પણ વિસ્તારમાં કંપનીને જકાતમુક્ત વેપાર કરવાનો પરવાનો આપ્યો. એવું મનાય છે કે આવો પરવાનો મેળવવા કંપનીએ મુઘલ અધિકારીઓને રૂ. 50,000ની લાંચ આપી હતી.

આમ છતાં કંપનીના નોકરો વ્યક્તિગત વેપાર તથા દાણચોરી કરતા હોવાથી સ્થાનિક જકાત અધિકારીઓએ કંપની પાસેથી જકાત વસૂલ કરવાનું ચાલુ રાખ્યું. આને પરિણામે કંપનીને સ્થાનિક અધિકારીઓ તથા મુઘલ સહકાર સાથે સંઘર્ષ થતા કંપનીએ બંગાળમાંનાં પોતાનાં બધાં વેપારી મથકો ગુમાવ્યાં (1686-87). મુંબઈનો કિલ્લો ભયમાં મુકાયો તથા કંપનીના સુરત, મસુલીપટ્ટમ અને વિજાગાપટ્ટમની કોઠીઓ જપ્ત કરવામાં આવી. શરૂઆતમાં થોડું ઉગ્ર વલણ દર્શાવ્યા બાદ કંપની મુઘલ સરકારને શરણે ગઈ અને પોતાના કારણે માટે મુઘલ સરકારની માફી માગી. અંગ્રેજ વેપાર સરકારને માટે આવક આપનાર હતો એટલે મુઘલ સરકારે તેને ક્ષમા આપી. વળી તે ભારતીય કારીગરો તેમજ વેપારીઓ માટે પણ ફાયદાકારક હતો. એટલે ઔરંગઝેબે કંપની પાસેથી રૂ. 1,50,000નો દંડ વસૂલ કરીને તેનાં જપ્ત કરાયેલ મથકો કંપનીને પાછાં સોંપ્યાં તથા અસલ પરવાના પણ ફરીથી ચાલુ કર્યા.

અંગ્રેજ કંપનીએ બંગાળમાં સતન્તી ખાસે નવું વેપાર મથક સ્થાપ્યું અને 1698માં શોભાસિંગ નામના જમીનદાર સરકાર સામે બંડ કર્યું. તેનો લાભ લઈને તેની કિલ્લેબંધી પણ કરી. કંપનીએ પહેલાના માલિકોને 1698માં રૂપિયા 1200 આપીને સતન્તી, ગોવિંદપુર તથા કલિકટા ગામોમાં જમીનદારી હક મેળવ્યા એટલે આ ગામોમાંથી મહેસૂલ ઉઘરાવવાનો અધિકાર તેને પ્રાપ્ત થયો. 1700માં ફોર્ટ વિલિયમ નામે કિલ્લેબંધીવાળી નવા વસાહત હેઠળ બંગાળની બધી અંગ્રેજ કોઠીઓને મૂકવામાં આવી અને ફોર્ટ વિલિયમમાં સમિતિ સહિત એક અધ્યક્ષ હેઠળ વહીવટીતંત્ર ગોઠવવામાં આવ્યું. કલિકટા ગામ પછીથી કલકત્તા નામે જાણીતું થયું અને તેનો ઝડપી વિકાસ થયો. 1735માં તેની વસ્તી 1,00,000ની થઈ.

ઔરંગઝેબના અવસાન (1707) બાદ મુઘલ સત્તા નિર્બળ બની અંગ્રેજ કંપનીએ પછીના મુઘલ શાસકો પાસેથી ઘણા અધિકારો મેળવ્યા. કંપનીને કેટલાક વિશિષ્ટ અધિકારો આપતું ફરમાન 1717માં સમ્રાટ ફરુખશિયરે પ્રસિદ્ધ કર્યું.


(i) કંપની વાર્ષિક રૂ. 30,000 મુઘલ સરકારને આપે તે શરતે તેને બંગાળમાં કોઈ પણ કર કે જકાત ભર્યા વગર વેપાર કરવાની છૂટ આપવામાં આવે.

(ii) કલકત્તાની આસપાસની જમીન કંપની ભાડા પેટે આપી કે રાખી શકશે.

(iii) કંપની હૈદ્રાબાદ પ્રદેશમાં જકાતમુક્ત વેપારનો જે હક ભોગવે છે તે ચાલુ રહે તથા મદ્રાસમાં તે હાલમાં જે રકમ આપે છે તેમાં કોઈ વધારો કરવામાં ન આવે.

(iv) કંપની વાર્ષિક રૂ. 10,000 આપે તે શરતે તેને સુરતમાં જકાતમુક્ત વેપાર કરવાની છૂટ આપવામાં આવે.

(v) મુંબઈની ટંકશાળમાંથી કંપનીના જે સિક્કા બહાર પડે તેને, સમસ્ત મુઘલ સામ્રાજ્યમાં ચલણ તરીકે સ્વીકારવામાં આવે.



**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. મૂડીપતિઓને વિશાળ બજાર મેળવવાની શા માટે જરૂર પડી ?

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

2. યુરોપીય સંસ્થાનોને આફ્રિકામાંથી મોટી સંખ્યામાં ગુલામો લાવવાની કેમ જરૂર પડી ?

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

3. ભારતમાં કઈ યુરોપીય પ્રજાએ પ્રથમ વેપારી સામ્રાજ્ય સ્થાપ્યું ? કઈ રીતે ?

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

4. ડચોએ ભારતીય વેપારમાં શા માટે રસ લીધો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

5. યુરોપીય સંસ્થાનવાસીઓમાં અંગ્રેજ સંસ્થાનવાસીઓનો આખરી વિજય શા માટે અને કઈ રીતે થયો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

6. ભારતમાં અંગ્રેજોએ સ્થાપેલાં સંસ્થાનોની પ્રક્રિયા 90 શબ્દોમાં વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

7. અંગ્રેજ કંપનીને મુઘલ પાદશાહ ફરુખશિયર પાસેથી કયા કયા વિશિષ્ટ હકો મળ્યા ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 7.7 અંગ્રેજોની ફિરંગીઓ તથા વલંદાઓ સામે હરીફાઈ (English Rivalry with the Portuguese and the Dutch)


અંગ્રેજ કંપની મુઘલ સામ્રાજ્ય તથા અન્ય દેશી રાજ્યો સાથે ગડમથલ કરીને ભારતમાં પોતાનાં સંસ્થાનોનો વિસ્તાર કરતી હતી, ત્યારે તેને 17મી સદીમાં ફિરંગી તથા વલંદાઓ સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. ફિરંગીઓ તથા અંગ્રેજો વચ્ચે થયેલી સુલેહ (1630)થી બન્ને વચ્ચેના સંઘર્ષનો અંત આવવાનો પ્રારંભ થયો. 1634માં સુરતની અંગ્રેજ કોઠીના વડા તથા ગોવાના ફિરંગી મથકના અધ્યક્ષ વચ્ચે થયેલી સમજૂતી અનુસાર બન્નેએ એકબીજાના ભારતીય વેપારમાં દરમિયાનગીરી નહિ કરવાનું સ્વીકાર્યું. 1654માં બન્ને વચ્ચે થયેલી સંધિ પ્રમાણે ફિરંગીઓએ પૂર્વમાં વેપાર કરવાના અંગ્રેજોના અધિકારનો સ્વીકાર કર્યો તથા 1661માં બન્ને વચ્ચે થયેલી સમજૂતી પ્રમાણે બન્ને વલંદાઓ વિરુદ્ધ ભારતમાં એક થયા.

આ દરમિયાન વલંદાઓએ ફિરંગીઓ પાસેથી તેજાનાનો વેપાર પોતાને હસ્તગત કરી લીધો હતો તથા અંગ્રેજોને અગ્નિ એશિયામાંથી હાંકી કાઢ્યા હતા. જોકે વલંદાઓને અગ્નિ એશિયાના દેશોના તેજાનાના વેપારમાં વિશેષ રસ હતો, તોપણ તેઓએ ભારતમાં પુલિકટ (1610), સુરત (1616), ચિન્સુરા (1653), કાસિમબજાર, બારાનાગોર, પટણા, બાલાસોર, નાગાપટ્ટમ (1659) અને કોચીન (1663)માં પોતાનાં વેપારી મથકો સ્થાપ્યાં. વલંદાઓએ અગ્નિ એશિયામાં પ્રાદેશિક વસાહતો સ્થાપી હતી, એટલે તેમને

ભારતમાં આવી વસાહતો સ્થાપવામાં રસ ન હતો, 17મી સદીના ઉત્તરાર્ધથી વલંદા તથા અંગ્રેજો વચ્ચે ભારતમાં સાંસ્થાનિક સંઘર્ષ ઉગ્ર બન્યો તથા સુરત પાસે સવાલી બંદર આગળ મોટા વલંદા નૌકાકાફલાએ અંગ્રેજોને સુરતનો વેપાર થંભાવી દેવાની ફરજ પાડીને પરંતુ 1667માં અંગ્રેજો અને વલંદાઓ વચ્ચે થયેલી સમજૂતી અનુસાર વલંદાઓએ ભારતમાં અંગ્રેજોના વેપારમાં દરમિયાનગીરી નહિ કરવાનું તેમજ અંગ્રેજોએ ઇન્ડોનેશિયામાં વલંદાઓને મુક્ત વેપાર કરવા દેવાનું સ્વીકાર્યું. આમ, બન્ને વચ્ચેના સંઘર્ષનો અંત આવ્યો તોપણ અંગ્રેજોએ વલંદાઓને ભારતમાંથી હાંકી કાઢવાનાં પ્રયત્નો ચાલુ રાખ્યા, છેવટે વલંદાઓએ અઢારમી સદીના અંત ભાગમાં ભારત છોડ્યું અને અગ્નિ એશિયામાં પોતાનો વેપાર સ્થિર કર્યો. અંગ્રેજોને મુઘલ શાસકો તથા ભારતના અન્ય રાજાઓ તરફથી અઢારમી સદીમાં વિશિષ્ટ વેપારી હકો પ્રાપ્ત થતા તેમનાં સંસ્થાનોનો વિસ્તાર થયો તથા ભારતમાંનાં ડચ સંસ્થાનોની પડતી થઈ. અંગ્રેજોએ ગળી, રેશમ, કંપાસ, સુરોખાર, સુતરાઉ કાપડ વગેરેના વેપારમાં ઉપરોક્ત વિશિષ્ટ હકોથી ભારે સુવિધા થઈ. ડચોએ 1759માં અંગ્રેજ મથક હુગલી પર કરેલો હુમલો નિષ્ફળ ગયો અને છેવટે 1795માં ડચોએ ભારતમાંનું પોતાનું છેલ્લું સંસ્થાન ગુમાવીને ભારતમાંથી વિદાય લીધી. આમ છતાં અંગ્રેજ કંપની ભારતમાં સર્વોપરી વેપારી સત્તા બની શકી નહિ, કારણ કે 18મી સદીના ઉત્તરાર્ધમાં તેને ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે વેપારી સર્વોપરિત્વ મેળવવા માટે જંગ ખેલવા પડ્યા.

## 7.8 ફ્રેન્ચોની સાંસ્થાનિક મહત્ત્વાકાંક્ષા (French Colonial ambitions)

યુરોપની અન્ય વેપારી કંપનીઓની માફક ફ્રેન્ચ વેપારી કંપનીને પણ ભારત તેમજ પૂર્વના દેશોમાં વેપાર કરવાની મહત્ત્વાકાંક્ષા જાગી, ફ્રેન્ચના નાણાપ્રધાન કોલબર્ટની પ્રેરણાથી 1664માં ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના થઈ. તેણે 1668માં પ્રથમ વેપારી મથક સુરતમાં સ્થાપ્યું તથા 1669માં બીજી વેપારી કોઠી મસલીપટ્ટમમાં સ્થાપી. 1673માં ભારતના પૂર્વ કિનારે કંપનીને પૉંડિચેરી ગામ મળ્યું, જે પછીથી ભારતમાં ફ્રેન્ચ કંપનીનું વડું મથક બન્યું. બંગાળના શાસક તરફથી ફ્રેન્ચોને કલકત્તા પાસે ચંદ્રનગર ગામ મળ્યું, જ્યાં પછીથી તેઓએ વેપારી મથક સ્થાપ્યું (1690-92). જોકે ફ્રેન્ચ કંપનીએ 1665 થી 1695 વચ્ચે ભારતમાં સંપૂર્ણ સજ્જ એવાં 74 વહાણો મોકલ્યા, તોપણ તેની ભારતમાંની વેપારી પ્રવૃત્તિઓ અંગ્રેજોની વેપારી પ્રવૃત્તિઓના પ્રમાણમાં ઘણી મંદ હતી. 1720માં ફ્રેન્ચ કંપનીનું પુનર્ગઠન થતાં તેની નાણાકીય સ્થિતિમાં સુધારો થયો. તેણે 1721માં મોરેશિયસનો કબજો લેતાં અંગ્રેજ કંપની સામે હરીફાઈ કરવાની તેનામાં ક્ષમતા આવી. ભારતમાં મલબાર કિનારે 1725માં તથા કારિકલમાં 1739માં તેણે વેપારી મથકો સ્થાપ્યાં.



આમ છતાં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપની બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની તથા ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની જેટલી સ્વાયત્ત ન હતી, તે પોતાની સરકાર પર વધ રે આધારિત હતી. તેની બે મોટી ઊણપો હતી. (i) અપૂરતી મૂડી અને (ii) નિર્બળ સંગઠન. તેની વેપારી પ્રવૃત્તિઓ સરકાર સંચાલિત હતી તથા તેના અંકુશ તળે હતી. આથી ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું ભાવિ તેની સરકારના ભાવિ પર અવલમ્બિત રહ્યું. વળી, 18મી સદીનો ફ્રેન્ચ સમાજ 18મી સદીના ઈંગ્લેન્ડના સમાજ જેટલો જાગૃત ન હતો, એટલે પણ ફ્રેન્ચ કંપનીનો અપેક્ષિત વિકાસ થઈ શક્યો નાહે.

પરંતુ આ ઉપરથી એવું તારણ કાઢી શકાય નહિ કે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની પ્રારંભથી જ સધ્ધર હતી અને તેને કોઈ મુશ્કેલી ન હતી, તેને ઈંગ્લૅન્ડમાં પોતાના હરીફોનો શરૂઆતમાં ભારે સામનો કરવો પડ્યો હતો. તેને પૂર્વના વેપારનો પોતાનો ઇજારો ટકાવી રાખવા માટે પોતાની સરકારને અવારનવાર લાંચ તેમજ લોન આપવી પડતી. તોપણ કેટલાક સાહસિક અંગ્રેજ વેપારીઓ ભારત તથા એશિયા સાથે વેપાર કરતા હતા. આવા વેપારીઓને 1690માં બ્રિટિશ સંસદને ભારત સાથેનો વેપાર બધા જ અંગ્રેજો માટે ખુલ્લો મૂકવાની અરજી કરી. સાથી આ અરજીનો સ્વીકાર થતો અટકાવવા કંપનીને સંસદના સભ્યો, સરકારી અધિકારીઓ વગેરેને 90,000 પાઉન્ડની લાંચ આપવી પડી, જ્યાં 10,000 પાઉન્ડ તો રાજાને જ આપ્યા હતા. 1702માં બ્રિટિશ વેપારીઓનાં જૂથો અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની એક થઈ જતાં કાર્લ માર્ક્સે લખ્યું કે બ્રિટિશ સંસદના ટેકા સાથે બ્રિટિશ વેપારી મૂડીના બહોળાં હિતો તેમજ વિસ્તારનો પ્રારંભ થયો.

## 7.9 યુરોપીય વેપારની પદ્ધતિ તથા તેનું માળખું (The Structure and Pattern of European Trade)


જ્યારે 16મી સદીમાં યુરોપીય કંપનીઓએ ભારત સાથે વેપાર શરૂ કર્યો ત્યારે તેમની મુખ્ય સમસ્યા એ હતી કે ભારતીય ચીજ વસ્તુઓની ખરીદીના બદલામાં તેમની પાસે બદલામાં યુરોપીય ચીજો આપી શકાય તેવી સ્થિતિ ભાગ્યે જ હતી. આથી લગભગ ત્રણ સદીઓ સુધી તેમને ખોટનો વેપાર કરવો પડ્યો અને તે માટે નાણાં ઊભાં કરવાની મુશીબત ભોગવવી પડી. દારૂ અને તેલ સિવાય યુરોપનાં વહાણો ભાગ્યે જ બીજી કોઈ ચીજ ભારત લાવતા, એટલે ભારત સાથેના વેપાર માટે નાણાં મેળવવા યુરોપીય કંપનીઓએ દક્ષિણ અમેરિકામાંથી 16મી સદીમાં પ્રાપ્ત કરેલ સોના-ચાંદીનો જથ્થો ભારતમાં ઠાલવ્યો. ભારતમાંથી તેઓ જે ચીજોની યુરોપમાં આયાત કરતા તેની ચુકવણી સોના-ચાંદીમાં કરતા. 1660થી 1699ની વચ્ચે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાંથી જેટલી કિંમતના માલસામાનની નિકાસ કરી તેની સોના-ચાંદીમાં ચુકવણી 66 ટકા જેટલી હતી, જ્યારે 1680-89ની વચ્ચે તેની કિંમત વધીને 87 ટકા જેટલી થઈ. 18મી સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજોએ 270 લાખની કિંમત જેટલી ચાંદી તથા ફક્ત 90 લાખ જેટલો બીજો માલ ભારત મોકલ્યો. પરંતુ ઈંગ્લેન્ડમાં 18મી સદીના ઉત્તરાર્ધમાં ઔદ્યોગિક ક્રાન્તિ શરૂ થતાં, પરિસ્થિતિ ઊલટી થઈ ગઈ એટલે 1760થી 1809ની વચ્ચે ભારતમાં ચાંદી માત્ર 140 લાખની કિંમત જેટલી મોકલાવી જ્યારે અન્ય માલ 485 લાખની કિંમત જેટલો મોકલવામાં આવ્યો.

વેપારી માન્યતા અનુસાર દેશની બહાર સોના-ચાંદીની નિકાસ કરવી તે દેશની અર્થવ્યવસ્થા તેમજ સમૃદ્ધિ માટે નુકસાનકારક કહેવાય. આથી દેશ બહાર સોના-ચાંદીની નિકાસ કરવા માટે કંપનીની સખત ટીકા થઈ અને ભારતીય માલની ખરીદીના બદલામાં ભારતને સોના-ચાંદીમાં ચુકવણી કરવાને બદલે આ માટે બીજો વિકલ્પ શોધી કાઢવા કંપનીને ખાસ અનુરોધ કરવામાં આવ્યો. એશિયાનો આંતરિક વેપાર હસ્તગત કરીને સમસ્યાનું અંશતઃ નિવારણ કરવામાં આવ્યું. યુરોપીય પેઢીઓએ અગ્નિ એશિયા તથા જાપાનનું તાંબુ ભારત અને ચીનમાં લાવીને ભારે નફો કર્યો. આ પેઢીઓએ ભારતનું કાપડ અગ્નિ એશિયામાં વેચીને તથા ઈરાની ગાલીચા ભારતમાં લાવીને ભારતમાંથી કંપનીઓ મારફત થતી આયાતની ચુકવણી સરભર કરવા પ્રયત્ન કર્યો. 18મી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજ કંપનીને બંગાળની દીવાનીમાંથી સારી મહેસૂલી આવક મળતા તથા ચીનમાં અફીણની નિકાસમાંથી સારો નફો પ્રાપ્ત થતાં છેવટે ભારત સાથેના ખોટના વેપારને તેણે પૂર્ણપણે સરભર કર્યો.

16 તથા 17મી સદીમાં યુરોપીય કંપનીમાં એશિયામાંથી માલ ખરીદીને તે યુરોપ, આફ્રિકા, અમેરિકા તથા મધ્ય પૂર્વના દેશોમાં વેચતી, તેમાંથી તેમને મોટા ભાગનો નફો મળતો. આમ, યુરોપ, ગુલામો પર આધારિત અમેરિકાના બગીચાઓ તથા આફ્રિકાના પશ્ચિમ કિનારા વચ્ચે ત્રિકોણ વેપાર ચાલતો હતો, જેને આધારે પછીથી ભારત સાથેના વેપારનો વિકાસ થયો.

યુરોપનાં બજારોમાં તેજાનાની સૌથી વધારે માંગ હતી. તેજાનામાં પણ 16-17મી સદીમાં યુરોપમાં મરીની માંગ ખૂબ હતી. આમ છતાં 17મી સદીના અંતથી વેપારનું માળખું બદલાવા લાગ્યું એટલે તેજાનાને બદલે યુરોપનાં બજારોમાં ભારતના સુતરાઉ કાપડ, રેશમ તથા સુરોખારની માંગ વધી. 17મી સદીના બીજા દશકાથી અંગ્રેજ તથા ડચ કંપનીઓ મારફત ભારતના સુતરાઉ કાપડની માંગ ખૂબ વધી.

એશિયાના અન્ય ભાગો સાથેના ભારતીય વેપારમાં સુતરાઉ કાપડ માલની લેવડ-દેવડ અને ચુકવણીમાં માધ્યમ તરીકે વપરાતું. ભારતનું કાપડ તેની વિવિધતા તથા ગુણવત્તા માટે ખૂબ જાણીતું બન્યું હતું.



ગુજરાત, બંગાળ તથા ભારતના પૂર્વ કિનારે સાદું, રંગેલું, છીંટ, ભરતગૂંથણવાળું કાપડ વિપુલ જથ્થામાં ઉત્પન્ન થતું. ભારતના રેશમી તથા મસલીન કાપડની આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ તથા યુરોપન બજારોમાં ઘણી માંગ રહેતી. 1614માં સુરતમાંથી અંગ્રેજ કંપનીએ ભારતના કાપડના 12,000 તાકાની માગણી કરી હતી. 1664માં અંગ્રેજ કંપનીએ ભારતમાંથી યુરોપમાં ભારતીય કાપડના 7,50,000 તાકાની આયાત કરી હતી, જેની કિંમત કંપનીના સમસ્ત વેપારના લગભગ 73 ટકા જેટલી હતી. 17મી સદીને અંતે તે વધીને 84 ટકા જેટલી થઈ. આ સમય દરમિયાન બંગાળની મલમલ તથા કોરોમંડળ કિનારાની છીંટની માંગ ઇંગ્લેન્ડ અને યુરોપના ઉપલા વર્ગના લોકોમાં ઘણી વધી. ભારતીય કાપડની ઇંગ્લેન્ડમાં થતી ખૂબ આયાતથી ઇંગ્લેન્ડના કાપડના સ્થાનિક ઉત્પાદકો ખૂબ ચિંતીત બન્યા તથા ઇંગ્લેન્ડમાં ભારતીય કાપડની આયાત પર પ્રતિબંધ મૂકવા માટે તેઓએ પોતાની સરકાર પર દબાણ કર્યું. આજે પરિણામે ઇંગ્લેન્ડની સરકારે 1700, 1721 તથા 1735માં ઇંગ્લેન્ડમાં ભારતીય કાપડની આયાત સંબંધી રક્ષણાત્મક કાયદાઓ પસાર કર્યા. આમ છતાં 17મી સદીના ઉત્તરાર્ધમાં ઇંગ્લેન્ડની બજારમાં ભારતના કાચા રેશમની આયાતનું પ્રમાણ તો બરોબર જળવાઈ રહ્યું.

કાપડ ઉપરાંત ઇંગ્લેન્ડ તથા ફ્રાન્સમાં ભારતના સુરોખારની માંગ ઘણી હતી. બંદૂકનો દારૂ બનાવવામાં તેનો વ્યાપક ઉપયોગ થતો. વિશેષમાં વહાણોને સ્થિર રાખવા માટે વજનદાર સુરોખારનો સારા પ્રમાણમાં વપરાશ થતો. પટણા સુરોખારનું સૌથી મોટું વેપારી કેન્દ્ર હતું. આયાતની ત્રીજી અગત્યની ચીજ ગળી હતી. પ્રમાણમાં તે સસ્તી હોવાથી યુરોપમાં રંગાટકામમાં ભારતની ગળીનો બહોળો ઉપયોગ થતો.

## 7.10 ભારતની જીત (The Conquest of India)

18મી સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજ તથા ફ્રેન્ચ કંપનીઓ ભારતમાં નફાકારક વેપારમાં સ્થિર થઈ ગઈ હતી. ભારતીય મૂડી તથા ભારતીય વેપારીઓની કુશળતાને આકર્ષતા મદ્રાસ, મુંબઈ તથા કલકત્તા અંગ્રેજ વસાહતોને પરિણામે સમૃદ્ધ શહેરો બન્યાં હતાં. તેમના વસ્તીવધારાથી આ સૂચિત થતું હતું.

1744માં મુંબઈની વસ્તી આશરે 70,000 લોકોની હતી, જ્યારે આ સદીના મધ્ય ભાગમાં કલકત્તાની લોકસંખ્યા 2,00,000 તથા મદ્રાસની 3,00,000ની હતી. ઔરંગઝેબના અવસાન બાદ મુઘલ સામ્રાજ્યનું વિઘટન થયું હતું. અને તેને પરિણામે અનેક નાનાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આને લીધે અંગ્રેજ તથા ફ્રેન્ચ કંપનીઓને ભારતમાં પોતાનું રાજકીય તેમજ પ્રાદેશિક વિસ્તારનું ભાવિ ઊજળું લાગતું હતું. અંગ્રેજો તથા ફ્રેન્ચો યુરોપમાં તેમજ ઉત્તર અમેરિકાનાં સંસ્થાનોમાં રાજકીય હરીફો બન્યા હતા. ભારત તેમને માટે ખૂબ જ નફાકારક અને લાભદાયી સંસ્થાન હતું. પરિણામે બન્ને કંપનીઓ વચ્ચેની વેપારી હરીફાઈઓ ત્રણ કર્ણાટક વિગ્રહો (1746-1760)માં પરિણમી, જેમાં છેવટે અંગ્રેજોનો વિજય થયો અને 1757ની પ્લાસીની લડાઈથી બંગાળ તેમજ ભારતની બ્રિટિશ જીતનો પાયો નંખાયો. આમ, અંગ્રેજ સંસ્થાનવાદ અંગ્રેજ સામ્રાજ્યવાદને પંથે વળ્યો.

## 7.11 ઔદ્યોગિક મૂડીવાદ અને સામ્રાજ્યવાદ (Industrial Capitalism and Imperialism)

18મી સદીના મધ્ય ભાગમાં ઇંગ્લેન્ડમાં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાન્તિએ માત્ર ઇંગ્લેન્ડના અર્થતંત્રમાં જ નહિ, પરંતુ સંસ્થાનો સાથેના તેના વેપાર અને સંબંધમાં પણ મોટું પરિવર્તન આણ્યું. આ ક્રાન્તિને લીધે ઇંગ્લેન્ડનું ઔદ્યોગિક ઉત્પાદન જેમ જેમ વધ્યું તેમ તેમ બહારના દેશોમાંથી ઉત્પાદિત માલ લાવવાની તેની જરૂરિયાત ઘટતી ગઈ. વિશેષમાં ઇંગ્લેન્ડમાં વધેલા ઔદ્યોગિક ઉત્પાદને ઇંગ્લેન્ડના લોકોની

જરૂરિયાતો પૂરી પાડી એટલું જ નહિ, પરંતુ તેને વધારાના માલ માટે બહાર - બજારો મેળવવાની પણ આવશ્યકતા ઊભી થઈ.

આ દરમિયાન યુરોપના અન્ય દેશોમાં પણ ઔદ્યોગિક ક્રાન્તિ શરૂ થતા, ત્યાં ઈંગ્લેન્ડના માલની આયાતને અવકાશ રહ્યો નહિ, એટલે ઈંગ્લેન્ડને જ્યાં ઔદ્યોગિક ક્રાન્તિ થઈ ન હતી તેવા અલ્પવિકસિત દેશોમાં પોતાનો સંસ્થાનો સ્થાપીને બજાર મેળવવાની ફરજ પડી. આવા અલ્પવિકસિત દેશોને ઈંગ્લેન્ડે માત્ર ખેતી વિષયક ચીજો ઉત્પન્ન કરતા તેઓને તેમની નિકાસ કરતા તથા ઔદ્યોગિક માલની આયાત કરતા દેશો બનાવી દીધા. શરૂઆતમાં ઈંગ્લેન્ડે તથા :૩મી સદીના છેલ્લી દશકાઓમાં યુરોપના અન્ય દેશોએ યાંત્રિક ઔદ્યોગિક કક્ષાનો બહોળો ઉપયોગ કરતા, તેઓ મોટા જથ્થામાં સસ્તો માલ બનાવી શક્યા, જેની સામે અલ્પવિકસિત દેશોના હસ્તઉદ્યોગો ઉત્પાદન તથા કિંમતની દષ્ટિએ ટકી શક્યા નહિ. વિશેષમાં ઈંગ્લેન્ડના ઉત્પાદકોને ફાયદો કરવા અંગ્રેજ કંપનીએ ભારતના વેપાર-ઉદ્યોગો પર ભારે જકાત નાખી તથા ઈંગ્લેન્ડથી ભારત આવતા માલ પર કોઈ જકાત નાખી નહિ, તેને પરિણામે પણ ભારતીય હસ્તઉદ્યોગો અને ધંધાઓ પડી ભાંગ્યા. આમ, જે ભારત 18મી સદી સુધી કાપડનો મોટો ઉત્પાદક અને નિકાસકાર દેશ હતો તે 19મી સદીમાં ઈંગ્લેન્ડથી કાપડ આયાત કરતો દેશ બન્યો.

ઔદ્યોગિક મૂડીવાદના વિકાસને પરિણામે યુરોપના અર્થતંત્રમાં થયેલ ફેરફારોએ યુરોપીય સામ્રાજ્યવાદનું સ્વરૂપ પણ બદલી નાખવું. યુરોપના વેપારી મૂડીવાદને નફાની દષ્ટિએ ભારતમાંથી સુતરાઉ કાપડ મેળવીને યુરોપની બજારોમાં તે વેચવામાં રસ હતો, જ્યારે યુરોપના ઔદ્યોગિક મૂડીવાદને નફાની દષ્ટિએ ભારતમાંથી કાચો માલ રૂ, કપાસ મેળવીને તેનો પાકો માલ ભારતની બજારોમાં વેચવામાં રસ હતો. આમાંથી વેપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદ અને ઔદ્યોગિક સામ્રાજ્યવાદમાં યુરોપનું પરિવર્તન થયું, જે ભારત તેમજ અન્ય અલ્પવિકસિત દેશોની આર્થિક તેમજ રાજકીય પરાધીનતામાં પરિણમ્યું. ક્રમશઃ બ્રિટિશ સંસદે અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પૂર્વ સાથેના વેપારી ઈજારાના હક નાબૂદ કર્યા (ચાર્ટર એક્ટ્સ - 1813, 1833). વળી, બ્રિટિશ વેપારીઓ તેમજ કંપનીના અમલદારો વ્યક્તિગત ધોરણે વેપાર કરતા થયા, આથી પણ કંપનીનું વેપારી પેઢી તરીકેનું મહત્ત્વ ઓછું થયું. દરમિયાનમાં અંગ્રેજ કંપનીએ 18મી સદીના ઉત્તરાર્ધમાં પોતાના મુખ્ય હરીફ ફ્રેન્ચોને પરાજય આપીને રાજકીય સત્તા તરીકેના ઉદયનો પાયો નાખ્યો. આમ, બ્રિટિશ વેપારની સાથે બ્રિટિશ ધ્વજનો પણ ભારતમાં ફેલાવો થયો, એટલે છેવટે 1757ના પ્લાસીના યુદ્ધ બાદ બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની રાજકીય સત્તા પ્રાપ્ત કરવાને માર્ગે આગળ વધતી સામ્રાજ્યવાદી સત્તા બની.



### તમારી પ્રગતિ ચકાસો - 2

1. ભારતમાં અંગ્રેજોનાં મુખ્ય વેપારી મથકો તથા વલંદાનાં મુખ્ય વેપારી મથકોનાં નામ તેમના ભૌગોલિક સ્થાન સાથે 80 શબ્દોમાં લખો.

..............................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. ભારતમાં ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપની અંગ્રેજ ઇસ્ટ ઇન્ડિયા કંપની સામે કેમ નિષ્ફળ ગઈ ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

3. ભારતમાંથી વિદેશોમાં 17મી સદીથી 18મી સદીના મધ્ય ભાગ સુધી કઈ-કઈ વસ્તુઓની નિકાસ થતી ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

4. ભારતના યુરોપ સાથેના 17મી સદીના વેપાર તેમજ 18મી સદીના ઉત્તરાર્ધમાં વેપારમાં શો તફાવત હતો ? આ તફાવત શી અસરો થઈ ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

5. વેપારી મૂડીવાદ તથા ઔદ્યોગિક મૂડીવાદ વચ્ચેનો મુખ્ય તફાવત વર્ણવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## 7.12 સારસંક્ષેપ (Conclusion)

આ એકમના અધ્યયનથી આપણે જાણ્યું કે યુરોપમાં વિકાસ પામેલ વેપાર-વાણિજ્ય યુરોપની વિવિધ સાંસ્થાનિક સત્તાઓને નવા બજારો તથા કાચા માલની પ્રાપ્તિ માટે ઉત્તેજી. એશિયા, આફ્રિકા તથા અમેરિકામાં વિશાળ બજારો મેળવવાના તથા મોટા પ્રમાણમાં કાચો માલ - આ સામગ્રીની પ્રાપ્તિની શક્યતાએ સાંસ્થાનિક સત્તાઓને આ ખંડોમાં પોતાનું નસીબ અજમાવવા માટે પ્રેરી. બીજા દેશો સાથે વેપાર કરવા યુરોપમાં જુદીજુદી વેપારી કંપનીઓ સ્થપાઈ. આમ છતાં પરસ્પર વિરોધી વેપારી હિતોને કારણે ફિરંગીઓ, વલંદા, ફ્રેન્ચ તથા અંગ્રેજો વચ્ચે અનેક સંઘર્ષો તેમજ યુદ્ધો થયાં. આમાં છેવટે અંગ્રેજો વિજયી બન્યા અને ઇંગ્લિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતીય વેપાર પર પોતાનો ઇજારો સ્થાપિત કર્યો. ઇંગ્લેન્ડનો અન્ય દેશો સાથેનો વેપાર તેણે વેપારી મૂડીવાદમાંથી ઔદ્યોગિક મૂડીવાદમાં પરિવર્તન કર્યું. તેની સાથે જોડાયેલ હતો.

## 7.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

1. વિભાગ 7.0 તથા 7.1 જુઓ.
2. વિભાગ 7.2 જુઓ.

3. વિભાગ 7.3 જુઓ.
4. વિભાગ 7.5 જુઓ.
5. વિભાગ 7.6 જુઓ.
6. વિભાગ 7.6 જુઓ.
7. વિભાગ 7.6 જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - 2**

1. વિભાગ 7.6 તથા 7.7 જુઓ.
2. વિભાગ 7.8 જુઓ.
3. વિભાગ 7.9 જુઓ.
4. વિભાગ 7.10 તથા 7.11 જુઓ.
5. વિભાગ 7.11 જુઓ.

## 7.14 મહત્ત્વના શબ્દો (Key-words)

**સમતોલ વેપાર :** જેમાં નિકાસ દ્વારા દેશને લાભ થાય તથા આયાત દ્વારા ખોટ ન જાય તેવો વેપાર દેશની નિકાસ તથા આયાતને આર્થિક રીતે સપ્રમાણ કરનાર વેપાર.

**ફરમાન :** સમ્રાટ દ્વારા અપાતા હકનું આજ્ઞાપત્ર.

**વેપારી મૂડીવાદ :** વેપારીઓ મારફત આર્થિક લાભ માટે મૂડીનું થતું એકત્રીકરણ તથા વિસ્તારીકરણ (રોકાણ).

**ઔદ્યોગિક મૂડીવાદ :** ઉત્પાદકો - ઉદ્યોગપતિઓ મારફત આર્થિક લાભ માટે થતું મૂડીરોકાણ - કાચા માલની પ્રાપ્તિ દ્વારા પાકા માલનું ઉત્પાદન અને વેચાણ

## 7.15 કેટલાંક ઉપયોગી પુસ્તકો

E. J. Hobsbawn : *Industry and Empire.*
J. M. Roberts : *The Pelican History of the World*
Carlo M. Cipolla : *Fontana Economic of Europe, Volume III*

નોંધ

# નોંધ